॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

માર્ચ ૨૦૧૪

રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



## સદ્‌ગુરૂ સ્વામી હરિજીવનદાસજીનું અક્ષરધામ ગમન

**સમગ્રસંતો, હજારો હરભિક્તો દ્વારા સ્મરણાંજલિ અપાઈ**




શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી શાકોત્સવ એવં શ્રીહરિ વિદ્યામંદિરના વાર્ષિક રમતોત્સવની ભવ્ય ઉજવણી - રામપર વેકરા





સુખપર નરનારાયણનગરમાં સંક્રાંતીના દિવસે અન્નકૂટ ઉત્સવ તથા સાં.યો.બાઈઓ દ્વારા ગાયને ચારો




સિંગાપુર એરપોર્ટ પર પૂ. મહંત સ્વામી
આદિ સંતોને આવકારતા હરિભક્તો




શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણાનો તૃતિય વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો - થાણા મુંબઈ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૩ - માર્ચ – ૨૦૧૪
સળંગ અંક - ૩૩૯

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org


## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

કેટલીક બાબતો મનુષ્યશક્તિથી પર અને નિશ્ચિત હોય છે, જેને ધારે તો ય મનુષ્ય બદલી શકતો નથી. આ શાશ્વત સત્ય જાણતા હોવા છતાં માનવ મન તે સ્વીકારતાં આંખ આડા કાન કરે છે !

હું કરું, હું કરું એજ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન માને.

મિથ્યાભિમાની મનુષ્ય પોતાની સૂઝ, શક્તિ, સામર્થ્ય અને સમૃધ્ધિના કારણે એવું માનતો હોય છે કે હું જે ધારું તે કરવા શક્તિમાન છું, કોઈ પણ પરિસ્થિતિનું નિર્માણ કરવું હોય તો હું કરી શકું છું. દરેક કાર્યમાં સફળ થવું મારા હાથમાં છે. એવી કોઈ બાબત નથી કે જે મારા હાથમાં ન હોય ! પરંતુ પામર મનુષ્ય અ ભૂલી જાય છે કે તેના હાથમાં કશું જ નથી. બધું પૂર્ણ પુરુષોત્તમ પ્રભુના હાથમાં જ છે.

મનુષ્ય પૃથ્વી પર જન્મ લે છે ત્યારથી જ તે ઈશ્વરને આધીન છે. મનુષ્ય પોતે એ નક્કી નથી કરી શકતો કે મારે ક્યાં જન્મ લેવો ? મનુષ્ય પોતે પોતાના માતા-પિતાની પસંદગી નથી કરી શકતો, તેના માતા-પિતા ભગવાન જ નક્કી કરે છે. તેવી જ રીતે પોતાની જાતિ અને ધર્મ પણ તે નક્કી નથી કરી શકતો. પોતે અલ્પ શક્તિમાન હોવા છતાં પોતાને સર્વશક્તિમાન સમજવાની નાદાની તે કરી બેસે છે. ગમે તેટલી સમૃધ્ધિ હશે, ગમે તેટલી વિદ્યા ભણ્યા હશો પણ નિર્માનીપણું નહીં આવે ત્યાં સુધી સર્વે મિથ્યા છે અને નિર્માનીપણું તો જ આવે કે જ્યારે સાચા સંત સેવ્યા હોય.

ખારા પાણીને પણ મીઠું બનાવી દે એવા સર્વોત્તમ સદ્ગુણોના સ્વામી એવા અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીનું જીવનદર્શન કરો તો સહેજે સમજી જવાશે કે નિર્માનીપણું કોને કહેવાય ? હરિ સાથે હથેવાળો કરાવે એવા આ સંતનું સાંનિધ્ય જેણે માણ્યું છે તેઓએ અનુભવ્યું છે કે તેમનામાં દંભ, કઠોરતા, અનાચાર, દુરાગ્રહ, ઈર્ષ્યા કે અહંકાર ક્યાંય દશ્યમાન થતાં નથી. તેમનું જીવન નિર્મળ જળ જેવું સ્વચ્છ અને પારદર્શક, પુષ્પ જેવું સુગંધી અને કોમળ, ભક્તિભર્યું ભાવવાહી, સંસ્કાર સમૃધ્ધ સદાચારી હતું. વિશ્વમાં સઘળું સર્વકારણના કારણ શ્રીજી મહારાજની ઈચ્છાથી જ થાય છે તેવું દઢપણે માનતા હોવાથી નિરાગ્રહી અને નિર્માની હતું. વ્યવહાર અને મોક્ષની વાત કરીએ તો વ્યવહાર એ શરીર છે અને મોક્ષ એ આત્મા છે. મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાને સદાચારને પ્રાધાન્ય આપશું તો મોક્ષ અવશ્ય પ્રાપ્ત થશે.

આ માસમાં હોલિકા ઉત્સવ અને રંગોત્સવ બે ઉત્સવ છે. આપણી અંદર રહેલા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અહંકાર, અનીતિ, અનાચાર જેવા આતંરશત્રુઓનું દહન કરવાનો ઉત્સવ હોલિકાઉત્સવ. અગ્નિમાં નહીં બળે એવું વરદાન પામેલી હોલિકાના ખોળામાં પ્રહ્લાદને બેસાડી ચારે બાજુ અગ્નિ પ્રગટાવ્યો પરંતુ ભક્ત વત્સલ પ્રભુએ તેને બચાવી લીધો અને હોલિકા બળીને ખાખ થઈ ગઈ ! ધર્મનો જય થયો. અધર્મનો નાશ થયો. આપણામાં રહેલા અધર્મના પરિબળોનો નાશ થતાં જ મન હળવું ફૂલ જેવું બની જશે, જીવનમાં પ્રફુલ્લિતતા સાથે વસંતઋતુ ખીલી ઉઠશે. જીવનમાં સંસ્કારના, ભક્તિનાં, સત્સંગનાં રંગો ભરીને રંગોત્સવની ઉજવણી કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ !

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીનું અક્ષરધામ ગમન

એવા સંતની બલીહારી જેને ગુણે રીઝયા ગીરધારી આવા પવિત્ર ભુજ મંદિરના વડીલ, સાધુતાની મૂર્તિ સદ્‌ગુરુ સ્વામી હરિજીવનદાસજી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની પવિત્ર ચરણરજથી જેને પાવન કરેલ છે તે ગામ વેકરા-રામપર(માંડવી)ની ભૂમિ પર તા. ૧-૧-૧૯૩૦ના રોજ એક પુણ્યત્માએ માનવ સ્વરૂપે જન્મ લીધો. ગૃહસ્થાશ્રમમાં રવજીભાઈ નામ ધરાવતા આ સત્સંગી ભક્ત વીરજીભાઈના સૌથી મોટા પુત્ર હતા. રોજગારી અર્થે વિદેશ જવાની તૈયારી કરી, રવજીભાઈ શ્રી નરનારાયણદેવના ચરણોમાં શીશ ઝુકાવી વિદેશ જતાં પહેલાં સંતોની આજ્ઞા લેવા ભુજ મંદિરે ગયા. સત્સંગ થતાં સંતોની આજ્ઞા એવી થઈ કે ત્યાગાશ્રમમાં આવીને સત્સંગની સેવા કરો. સંતોના હૃદયમાં હંમેશાં હરિભક્તોનું હિત સમાયેલું હોય છે એ વાતમાં સંપૂર્ણ શ્રધ્ધા ધરાવતા રવજીભાઈએ વિદેશ જવાનું માંડી વાળ્યું. ભુજ મંદિરે આવ્યા બે વર્ષ મંદિરની સેવા કરી સંવત ૨૦૦૯ ફાગણ વદ-૧, તા. ૧-૩-૧૯૫૩ના ધ.ધૂ. પ.પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી સંપ્રદાયની પરંપરા પ્રમાણે ત્યાગાશ્રમનું નામ સ્વામી હરિજીવનદાસજી આપ્યું સાથે સ.ગુ. સ્વામી રાધામનોહરદાસજીના પ્રિય શિષ્ય થઈને રહ્યા.

સ્વામીએ સંવત્ ૨૦૦૯માં મહંત સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી સાથે અને સંવત્ ૨૦૧૩માં મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની સાથે ધર્મપ્રચાર અને પ્રસારાર્થે દક્ષિણ ભારત સહિત અન્ય સ્થળોએ યાત્રામાં ગયા. સંવત્ ૨૦૧૫માં સ.ગુ. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી સાથે ગુજરાતની પગપાળા યાત્રા કરી. આ યાત્રામાં સ્વામી ભક્તિવલ્લભદાસજી આદિ ૪ સંતો અને હરજીભાઈ વરસાણી ભગત સુખપુરવાળા સાથે હતા.

સ્વામી હરિજીવનદાસજીનો કંઠ સુરીલો હતો અને તેઓને રાગ-રાગિણીનું સારું જ્ઞાન હતું. દરરોજ પ્રાતઃકાળે ઊંચા સુમધુર અવાજે શ્રીહરિના ભજન-કીર્તન ભક્તિમાં લીન થઈને ગાતા. હૃદયથી ગવાતી પ્રભુ સ્તુતિના કારણે સમગ્ર વાતાવરણમાં પવિત્રતા પ્રસરી જતી અને પ્રભુની પ્રસન્નતાર્થે ગવાતા આ ભજનો હૃદયને સ્પર્શી જતા. ભજન ગાવાનો વિશેષ આનંદ માણતા આ સંત ભજનાનંદી સંત તરીકે પણ ઓળખાતા. તેઓ અન્ય સંતોને નિષ્કુળાનંદ કાવ્ય અને કળશના રાગ પ્રેમપૂર્વક શીખવતા. સ્વામીનું તપનું અંગ હતું. ઘણા વર્ષો સુધી ચાર મહિના સુધી ધારણા-પારણા કરતા અને દરેક મહિનામાં ૬ ઉપવાસ કરતા. શરીરમાં દવા ગઈ હોય તો તેમનો ઉપવાસ, એકટાંણા, માળા કરતા.

સત્‌શાસ્ત્રો સ્વામીને ખૂબ પ્રિય હતા, તેમાંય વચનામૃત અને શ્રીહરિ ચરિત્રચિંતામણિ તેમને અતિ પ્રિય હતા, તેમના માધ્યમથી તેઓએ સત્સંગની વૃધ્ધિ કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

મોટા મોટા સમૈયાઓ સમયે સ્વામીએ સત્સંગની સેવા કરવામાં પાછું વળીને જોયું નથી. માંડવી મધ્યે શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ

મહારાજનો ૧૨૫મો મહોત્સવ તેમના અધ્યક્ષપણા હેઠળ ધામધૂમથી યાદગાર રીતે ઉજવાયો હતો. અંજાર મંદિરમાં જ્યારે ઘનશ્યામ મહારાજ પધરાવ્યા ત્યારે સ્વામી પૂજારીની સેવામાં હતા અને યોગાનુયોગ તેમના પર મહારાજે એવી કૃપા કરી કે અંજાર મંદિરે આ શ્રી ઘનશ્યામ મહારાજનો અર્ધશતાબ્દી મહોત્સવ પણ તેમની અધ્યક્ષતામાં ભવ્યાતિભવ્ય રીતે ચિર સ્મરણીય બની રહે તે રીતે ઉજવાયો.

તેઓ પોતાના ગુરુ પ્રત્યે અપાર આદર સાથે સમર્પિત ભાવ ધરાવતા. ગુરુએ આપેલી વસ્તુઓ જતનપૂર્વક સાચવતા. ગુરુએ તેમને આપેલી માળા ઢીલી હોવાને કારણે 'ટક ટક' એવો અવાજ થતો, તેથી તેમને માળા બદલી નાખવાનું કહેવામાં આવતાં તેમણે કહેલું કે આ માળા મને ગુરુએ આપી છે અને મને જીવથીય વધુ વહાલી છે. આ માળા ન બદલાય.

તેઓ નખ-શિખ સંત હતા. અર્ધી રાતે જાગી ભજન કરતા. સ્વામીની આ ભક્તિએ અનેક સંતોને પ્રેરણા આપી છે. વચનામૃતમાં વર્ણવેલા સંતોના સર્વે ગુણોથી સંપન્ન એવા આ સંત હતા. તેમનાં અંગે અંગમાં, વાણીમાં, વર્તનમાં, આચરણમાં અરે દરેક બાબતમાં સાધુતાના દર્શન થતાં.

૨૦૨૯ જેઠ સુદ ૪ના ગુરુ રાધામનોહર દાસજી સ્વામી પાર્થિવ દેહ ત્યાગીને અક્ષરનિવાસી થયા પછી મંડળની જવાબદારી સ્વામીએ સંભાળી. મંડળ સ્વામી હરિજીવનદાસજીનું મંડળ કહેવાય છે. અત્યારે સ્વામીનાં ૨ શિષ્યો પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી અને શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી સહિત ૨૦ સંતોનું મંડળ છે. સ્વામીએ પોતાના મંડળના સંતોને શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠાવાન સાથે એક રંગે રાખ્યા છે.

ભુજ મંદિરોમાં સંતોને દર વર્ષે અલગ અલગ સેવા સોંપવાની પરંપરા છે. સ્વામીએ પણ ખૂબ જ ભાવ સાથે આવી ક્રિયાઓમાં જોડાઈને સેવા કરીને શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓ છાશની સેવા સંભાળતા. તે વખતે આજના જેવા ઈલેક્ટ્રીક ઉપકરણો ઉપલબ્ધ નહોતા, છાશનું વલોણું હાથે ફેરવવું પડતું. વહેલી સવારથી સ્વામી પ્રેમપૂર્વક આ સેવામાં લાગી જતા અને ભજન-કીર્તન સાથે વલોણું ફેરવતા અને છાશમાં ભક્તિરસ ધોળાઈ જતો, છાશની સાથે ભક્તિનો અમૃતરસ ભળી જતો ! તેઓએ ભુજ મંદિરમાં કોઠારની સેવા પણ ખૂબ સંતોષકારક રીતે સંભાળી હતી. સ્વામી પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી વિદેશની યાત્રા દરમ્યાન યુ.કે., અમેરિકા, આફ્રિકાના દેશોમાં કેન્યા, યુગાન્ડા, ટાંઝાનિયા, સિસલ્સ, મોરિસીયસ, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર વિગેરે દેશોમાં વસતાં હરિભક્તોને પોતાના વિચરણ દ્વારા સત્સંગનું બળ પૂરું પાળ્યું હતું. સ્વામીને એક જ તાન હતું કે મહારાજની નિષ્ઠાવાળા હરિભક્તો રાજી રહેવા જોઈએ. મંડળના સંતોને તેવી રીતે નિષ્ઠા અને સેવાની વાતો કરતા.

વાગડના સત્સંગને આગળ લાવવા પૂજ્ય મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીએ રાપરમાં ગુરુકુલની જવાબદારી સ્વામીના મંડળના સંતોને સોંપવામાં આવી. જેનું સંચાલન મંડળના સંતો કરી રહ્યા છે.

સંતોના ગુણોથી યુક્ત આચરણથી ઉપદેશ આપતા સરલ સ્વભાવના આ પવિત્ર સંતની સ્મરણશક્તિ અદ્ભુત હતી. સમગ્ર મિસ્ત્રી સમાજના, કડવા પાટીદાર હરિભક્તો તેમજ સમગ્ર કચ્છમાં અને દેશ-વિદેશમાં રહેતા સત્સંગીઓને પરંપરાથી ઓળખતા અને પ્રેમપૂર્વક નામથી બોલાવતા. હરિભક્તો ઉપર સ્વામીની સદા મીઠી નજર રહેતી. હરિ સાથે હથેવાળો કરાવે તેવા આ

સંતમાં ખારા પાણીને મીઠું બનાવી દેવાની શક્તિ હતી. સત્સંગ પ્રત્યે એમની એવી તો ધર્મ જાગૃતિ રહેતી કે હરિભક્ત હોય કે કોઈ સંત હોય જો નિયમ ચાંતરે તો તેમને તરત જ ટોકતાં જરા પણ ખચકાતા નહીં. સત્સંગી સત્સંગી, ભાઈ-ભાઈઓ કુસંપ હોય તો તે કેમ સંપીને રહે એવું ઈચ્છતા.

ગામડાંઓમાં મંદિરોના નિર્માણ કાર્યમાં તેઓ શારીરિક સેવા પણ આપતા. ગામડાઓમાં મંદિરોના નવનિર્માણ, મીરજાપર, કોડકી, આદિ સ્થળોએ ગુરુની સાથે રહીને સેવા કરી, વાગડમાં રતનેશ્વર ઉમૈયા, સેલારી, હીરાપર તથા ચંદ્રનગરનાં નવનિર્મિત મંદિરોનો શિલાન્યાસ વિધિ સ્વામીના વરદ્ હસ્તે થયેલો છે.

નિખાલસ સ્વભાવ ધરાવતા કૃપામૂર્તિ આ સંત ચીંથરે વીંટેલા રત્ન સમા હતા અને સર્વેને ખાસ ભલામણ કરતા કે શ્રી નરનારાયણ ભગવાનને મૂકતા નહીં, શ્રીજી મહારાજના સ્મરણથી બેડો પાર થઈ જશે.આ મહાન પવિત્ર સંતે ૬૦ વર્ષ સુધી સત્સંગની સેવા કરી ૮૪ વર્ષની ઉંમરે તા. ૧૦-૦૨-૨૦૧૪ મહાસુદ એકાદશીના પવિત્ર દિવસે પાર્થિવ દેહ ત્યાગ કરી અક્ષરધામવાસી થયા. આવા બ્રહ્મનિષ્ઠ સંતનું દર્શન કે શિષ્યપદ પ્રાપ્ત થવું તે પણ અહોભાગ્ય છે. આવા શ્રેષ્ઠ સંતશિરોમણિના ચરણોમાં કોટિ કોટિ વંદન !

**અ.નિ. સદ્‌ગુરુ સ્વામી હરિજીવનદાસજીને ભાવાંજલિ અર્પવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સભા યોજાઇ**

ભુજ તા. ૧૪-૦૨-૨૦૧૪

મુમુક્ષુ હરિભક્તોને મોક્ષ માર્ગ ચીંધનાર દિવ્ય કલ્યાણકારી ગુણોથી સંપન્ન એવા સદ્‌ગુરુ સ્વામી હરિજીવનદાસજી તા. ૧૦-૦૨-૨૦૧૪ મહાસુદ એકાદશી સોમવારે અક્ષરનિવાસી થતાં યોજાયેલ ભાવાંજલિ સભાનો પ્રારંભ સ.ગુ. સ્વામી મુકુન્દદાસજીએ વચનામૃતનું શ્રવણ કરાવીને કર્યો.

સભા સંચાલક સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સ્વામીનું જીવનદર્શન કરાવતાં જણાવ્યું કે તા. ૧-૧-૧૯૩૦ના માંડવી તાલુકાના વેકરા ગામમાં જન્મેલા રવજીભાઈ રોજગારી અર્થે વિદેશ જતાં પહેલાં ભુજ મંદિરે દર્શનાર્થે આવ્યા હતા ત્યારે સંતસમાગમે તેમને પ્રેરણા થતાં વિદેશ જવાનું માંડી વાળીને ભગવા વસ્ત્ર ધારીને શ્રી નરનારાયણદેવને સમર્પિત થઈ ગયા અને તેમને સ્વામી હરિજીવનદાસજી નામની પ્રાપ્તિ થઈ. ત્યારથી દિવગંત દિવ્યાત્માએ ૬૧ વર્ષ સુધી ત્યાગી જીવન ગાળીને વચનામૃતમાં કહ્યા છે તેવા સંતના લક્ષણોનું દર્શન કરાવેલ છે.

શ્રધ્ધાંજલિ અર્પતા સંતો સર્વ શ્રી સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી ધર્મવલ્લભદાસજી આદિ સંતોએ પોતાનાં વક્તવ્યોમાં અ.નિ. સ્વામી હરિજીવનદાસજી સાથે વીતાવેલા સમયની વાતો વાગોળતાં જણાવેલ કે સ્વામી ભજનાનંદી હતા, દરરોજ પ્રાતઃકાળે સુમધુર સ્વરોમાં ભજનનાં સૂર રેલાવીને પવિત્ર ભક્તિમય વાતાવરણનું નિર્માણ કરતા. સ્વામી કળશના તથા નિષ્કુળાનંદ કાવ્ય વિગેરેના રાગ અન્ય સંતોને પણ શીખવતા. ત્યાગમય પવિત્ર જીવન સાથે ભાગવત ધર્મના ચૂસ્ત આગ્રહી સ્વામી કડક શિસ્તના આગ્રહી હતા પણ સાથોસાથ દયાળુ અને રમૂજી સ્વભાવ પણ ધરાવતા હતા. સત્સંગનો ચીલો ચાંતરનાર હરિભક્તોને અને જરૂર જણાય તો સંતોને પણ ટોકતાં અચકાતા નહીં એવી તેમની જાગૃતિ હતી. તેઓ સાધુતાની નખ-શિખ મૂર્તિ હતા. તેમનું કોઈ અંગ સાધુતા વિનાનું નહોતું. તેમનો હરિભક્તો પ્રત્યે એવો પ્રેમ હતો કે સૌને અંગત રીતે ઓળખતા અને નામથી બોલાવતા, આ વાત તેમની લાગણી ઉપરાંત અદ્‌ભુત સ્મરણશક્તિ પણ સૂચવે છે. તેઓ પોતાનાં ગુરુ પ્રત્યે અપાર આદર ભાવ ધરાવતા હતા અને ગુરુએ આપેલી માળા ખૂબ જૂની થઈ ગઈ

હોવા છતાં પણ તે માળાને જીવની જેમ સાચવતા અને એ જ માળા ફેરવી પ્રભુ નામ જપતા.

હરિ સાથે હથેવાળો કરાવે એવા સ્વામી હરિજીવનદાસજી વિષે કોઠારી પાર્ષદ જીદવજી ભગતે કહ્યું કે તેઓ તો સત્સંગના સ્તંભ જેવા હતા. તેમની સાદગી અને પવિત્ર સાધુતા આપણને સ્પર્શી જાય તેવા હતા. એક જ રીતિ, એક જ કરણી, એક જ ભાવના એમનામાં જોવા મળતી. તેઓએ શિષ્યોને અને મંડળના સર્વે સંતોને સત્સંગના પિયુષ પાઈને સાચા સંતો બનાવ્યા છે અને તેમના શિષ્યો અને મંડળના સર્વે સંતો સ્વામીની આજ્ઞામાં રહી સ્વામીના ગુણો આત્મસાત કર્યા છે.

મંદિરના વડીલ સંત સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ જણાવ્યું કે આવા મહાન પવિત્ર સંતની વિદાયથી મંદિરના સંત સમુહ અને સત્સંગમાં એક મોટી ખોટ પડી છે તેનું ખૂબ દુ:ખ છે. ખારા પાણીને પણ મીઠું કરી નાખે એવી શક્તિ ધરાવતા આ સંત સામેની વ્યક્તિના અવગુણો દૂર કરી સદ્‌ગુણોનું સિંચન કરતા. તેઓ ખૂબ હિંમતવાન અને ધર્મપ્રેમી સંત હતા. સત્યના આગ્રહી નિયમ ધર્મને સમર્પિત થયેલા હતા. આ વિશાળ શ્રી નરનારાયણદેવ સભામંડપમાં હજારોની સંખ્યામાં હરિભક્તો શ્રધ્ધાંજલિ અર્પવા પધાર્યા છે. દસ હજારથી વધુ હરિભક્તોને સમાવી શકે તેવો આ સભામંડપ નાનો પડ્યો છે, એટલી વિશાળ સંખ્યામાં હરિભક્તો આવ્યા છે. આ એક ચમત્કાર છે, આવી સભામાં આટલી મોટી સંખ્યા ભૂતકાળની સભામાંની સૌની મોટી સંખ્યા છે. આ વાત સ્વામી પ્રત્યોનો આદરભાવ સૂચવે છે. સંતોના સંસ્મરણોની વચ્ચે હરિભક્તો અમદાવાદના સર્વશ્રી ડો. રેશેષ પોથીવાલા , અંજારના નરેન્દ્રભાઈ સૌમૈયા, આફ્રિકા નૈરોબીના કુંવરજીભાઈ મનજી કેરાઈ, લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી, નારણભાઈ રવજી વેલાણી, પટેલ સમાજના પ્રતિનિધિ રામજીભાઈ(આર. આર. પટેલ)પટેલ, મંદિરના ટ્રસ્ટી મૂરજીભાઈ શિયાણી, વિદેશથી પધારેલા કાંતિભાઈ મનજીભાઈ કેરાઈ, અબડાસાના નડિયાદ વસતા કુંવરજીભાઈ કરસન પોકાર આદિ હરિભક્તોએ પોતાનાં સંસ્મરણો વ્યક્ત કરતાં સંતની સામાજિક અને જીવદયાની પ્રવૃત્તિઓ અને શિક્ષણ પ્રેમની વાતો જણાવતાં શ્રધ્ધાંજલિ અર્પી હતી. નિખાલસ અને અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા આ સંત એ વાતના આગ્રહી હતા કે શ્રી નરનારાયણદેવને મૂકતા નહીં, સત્સંગના નિયમ-ધર્મને જાળવી રાખજો એવી ખાસ ભલામણ કરતા. સંત સમાગમ અને ભક્તિ જ જીવનનો બેડો પાર કરે છે.

સભાસંચાલકે દેશ-વિદેશથી આવેલા શોક સંદેશાઓ વિષે જણાવેલું તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ તેમજ પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીનો ઓસ્ટ્રેલીયાથી આવેલા શોક સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. સ્વામીના મંડળના સંતોએ સ્વામીની ખૂબ અનુવૃત્તિ સાચવી સેવા કરી છે અને સ્વામીના હેતવાળા હરિભક્તોએ પણ ખૂબ સેવા કરી હતી. વડીલ સંતો સાથે સંતવૃંદ, મંદિરના ટ્રસ્ટીઓ અગ્રણી હરિભક્તો સાથેનો મોટો ભક્ત સમુદાય, પ.પૂ. મહંત સાં.યો. શામબાઈ ફઈ, સાં.યો. બહેનો અને કર્મચારી બહેનો સહિત ઉપસ્થિત હજારો શ્રધ્ધાળુઓએ ભાવાંજલિ અર્પણ કરી હતી.

સ્વામીના અક્ષરવાસી થયાના સમાચાર જાણી વિદેશમાં વિચરણ કરતા તેમનાં મંડળના વડીલ સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી શિષ્ય પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી તથા પ્રશિષ્ય સ્વામી દેવવિહારીદાસજી સાથે કાન્તિભાઈ નારણ કેરાઈ પણ ગુરુના પાર્થિવ દેહના દર્શનાર્થે પહેલી ફલાઈટ પકડીને હવાઈ માર્ગે અમદાવાદ થઈ ભુજ

આવી પહોંચતા અંતિમ દર્શનનો લાભ લીધો હતો. આ શ્રધ્ધાંજલિ સભાની વ્યવસ્થા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સંતોના માર્ગદર્શન મુજબ સંભાળી હતી.

સ્વામીની પુણ્યસ્મૃતિમાં એક પાંચ દિવસની મોટી પારાયણ થશે તેમાં જે ભક્તોને સેવાનો લાભ લેવો હોય તે લઈ શકશે તે વિશે વધુ માહિતી ભુજ મંદિરના કોઠારમાંથી મેળવી શકાશે.

અહેવાલ :- ભરતભાઈ પી. મહેતા

# ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા શાકોત્સવ અને નૌકાવિહાર મહોત્સવ યોજાયો

ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા આશીર્વાદ તેમજ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ કોઠારી સંતો આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર તા. ૨૬-૧-૧૪ પ્રજાસત્તાક દિવસે મંદિરમાં શાકોત્સવ અને હમીરસરોવરમાં સહજાનંદ નોકાવિહાર મહોત્સવનું ભવ્ય આયોજન થયું હતું. પરંપરાગત રીતે ઉજવાયેલા શાકોત્સવ પ્રસંગે હજારોની સંખ્યામાં પધારેલા હરિભક્તો પ્રસાદ ગ્રહણ કરી તૃપ્ત થયા હતા. શાકનો વઘાર વડીલ સંતોએ શ્રધ્ધાભેર કરી લોયાના શાકોત્સવનું સ્મરણ કરાવેલ અને તે નિમિત્તે યોજાયેલ કથાના વક્તા સ્વામી ભક્તવત્સલદાસજીએ શાકોત્સવનો મહિમા સમજાવેલ. જેમાં કચ્છના પટેલ ચોવીસીના ગામે ગામથી શહેરી વિસ્તારના સત્સંગીઓ ઉમટી પડતાં હમીરસર તળાવ તેમજ મંદિર સંકુલ ધમધમી ઉઠ્યા હતા.

સવારે શાકોત્સવ  તથા સાંજે સહજાનંદ નૌકાવિહાર મહોત્સવ અંતર્ગત શોભાયાત્રા, બ્રહ્મનિષ્ઠ સંતોના ધાર્મિક પ્રવચનો અને ત્યારબાદ હમીરસર તળાવમાં સુંદર શણગારેલ હોડીમાં ઠાકોરજીને નૌકાવિહારનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. મંદિરથી હમીરસર તળાવ સુધી ઠાકોરજીની શોભાયાત્રામાં ગામે ગામના હરિભક્તો તથા ભજન મંડળીઓ જોડાઈ હતી. જેના દર્શન માટે ભાવિકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. હમીરસર તળાવ પાસે પહોંચતાં શોભાયાત્રા ધર્મસભામાં ફેરવાઈ ગઈ હતી. અને સંતોએ પ્રવચનોમાં ઠાકોરજીના નૌકાવિહારની ઐતિહાસિક માહિતી આપીને તેનું ધાર્મિક મહત્ત્વ સમજાવ્યું હતું. ઉપરાંત ભુજમાં પૌરાણિક બાબતો સાથે સંકળાયેલા સ્મૃતિચિહ્નોની મહત્તાથી વાકેફ કર્યા હતા. બાદમાં ઠોકોરજીએ હમીરસર તળાવમાં નૌકાવિહાર કર્યું હતું.

આ પ્રસંગને ઉજવવા માટે સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી અને સત્સંગી હરિભક્તોએ તડામાર પૂર્વે તૈયારીઓને આખરી આપ્યો હતો. હમીરસર તળાવમાં શ્રીજી મહારાજ સંતો સાથે અનેકવાર સ્નાન કરેલું જેથી આ તળાવનું ઘણું જ ધાર્મિક મહત્ત્વ છે. મહોત્સવ પહેલા હરિભક્તો સંતોના માર્ગદર્શન હેઠળ સરોવરની સફાઈ પણ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમોના યજમાન પદે સાં.યો. કુંવરબહેન હીરાલાલ વાઘજીયાણી માધાપર અ.નિ. હીરાલાલ મુરજી, ગં.સ્વ. રાધાબાઈ હીરાલાલ  સહપરિવાર શાકોત્સવ અને સહજાનંદ નૌકાવિહાર મહોત્સવના રહ્યા હતા.

અહેવાલ :- પ્રાણલાલ ગોર

# સંત શિબિર : રામપર - ગંગાજી

ઈષ્ટદેવ સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન તેમજ નરનારાયણદેવની અસીમ કૃપા અને પ્રાતઃસ્મરણીય પ.પુ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખી શકાય તેવી અદ્વિતીય ખાસ સંતો માટે શ્રી સ્વામિનારાયણ સંત શિબિરનું આયોજન પ્રસાદીભૂત રામપર ગંગાજીનાં પટાંગણમાં થયું.

તા. ૩૧-૧-૨૦૧૪ના પ્રથમ સંત શિબિરનો મંગલ પ્રારંભ કરવા માટે પધારેલા પૂજ્ય મહંત સ્વામી  આદિ સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. પછી સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ મહંત સ્વામીનું સૌ સંતો વતી સન્માન કર્યું હતું.

ત્યારપછી શિબિરની શરૂઆતમાં આજના ગતિશીલ સમયમાં સત્સંગની પણ પ્રગતિ અનિવાર્ય છે પણ પ્રગતિ માટે અતિ આવશ્યક અને મહત્ત્વનો મુદ્દો પ્રથમ આપણી વિચારસરણીમાં બદલાવ એજ પ્રગતિનો પાયો છે. એ વિષય ઉપર પ્રેજેન્ટેશન દ્વારા શા. સ્વામી દેવચરણદાસજીએ સર્વે સંતોને જીવંત ઉદાહરણોની સાથે સમજ આપી હતી. પણ વિશેષ સમજ આપતાં કહ્યું હતું કે જે વાંચી લખી ન શકે તે જ અભણ છે તેવું નથી પણ જે શીખી ન શકે, જૂના જ્ઞાનમાં નવું ઉમેરી ન શકે અને તેનો ઉપયોગ ન કરી શકે તે અભણ છે.

ત્યારબાદ મહંત સ્વામીએ આશીર્વાદ આપતાં જણાવેલ કે આપણા વડીલ સંતોએ અનેક તકલીફો દુઃખો સહન કરીને આ કચ્છનાં સત્સંગનો વિકાસ કર્યો અને રાત દિવસ કેમ મુમુક્ષુ જીવ ભગવાન સુધી પહોંચે તેજ વિચારો કર્યા છે તેથી તેના ફળરુપે અત્યારે સત્સંગને ફૂલ્યો ફાલ્યો જોઈએ છીયે. જો ભવિષ્યમાં સત્સંગને પ્રગતિના પંથે રાખવો હશે તો તમારે સર્વે નાનાં સંતોએ એક થઈને રહેવું પડશે અને દેવની નિષ્ઠા રાખીને આપણા સંતો જે રીતે કાર્ય કરી ગયા તેમ કરવું પડશે તેવી ભલામણ કરી હતી.

બપોરના સત્રમાં સંતોનાં આઠ ગ્રુપ કરવામાં આવ્યા હતા. દરેક ગ્રુપમાં એક વડીલ સંત પણ રહ્યા હતા. પછી દરેક સંતોએ ગ્રુપમાં બેસીને સંતોના જીવનને, કર્તવ્યને સ્પર્શ કરતા નવ જેટલાં પ્રશ્નો ઉપર વિચાર વિમર્શ કર્યો હતો. એક કલાકનાં વિચારબાદ દરેક ગ્રુપના લીડરોએ પોતાનાં ગ્રુપે જે વિચાર કર્યા હોય તેનો સાર તમામ સંતો સમક્ષ રજૂ કર્યો હતો.

બીજો દિવસ :- તા. ૧-૨-૨૦૧૪ શનિવારનાં સવારના નિત્ય નિયમ બાદ

કોઈપણ દેશ કે વ્યક્તિ પાસે અમૂલ્ય સંપત્તિ હોય પણ જ્યાં સુધી તેનું મૂલ્ય ન સમજાય તો તેને જાળવી શકતો નથી અને બીજી બાબત તે સંપત્તિનો જીવન કે રાષ્ટ્રના વિકાસમાં કેમ ઉપયોગ કરવો તેનો ખ્યાલ ન હોય તો તેને તે સંપત્તિ સુખદાયી થતી નથી. તેજ રીતે આપણા સંપ્રદાયની માનવ સંપત્તિનું મૂલ્ય સમજાવી અને તેને સત્સંગનાં વિકાસમાં કેમ ઉપયોગમાં લેવી તે વિશે શા. સ્વામી દેવચરણદાસજીએ સમજ આપી હતી.

સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ આવા અવસરનો લાભ લઈને મહારાજની આજ્ઞામાં રહીને તમારું જીવન દિવ્ય બનાવવાનો સતત પ્રયત્ન કરતા રહેજો એવી ભલામણ કરી હતી.

સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીએ  ગમે તેટલી વિદ્યા ભણ્યા હશો પણ નિર્માનીપણુ નહીં આવે તો બધુ નકામુ છે એવી ભલામણ કરી હતી.

બપોર પછીના સત્રમાં સંતોએ ગ્રુપમાં બેસીને સંતોનો સત્સંગી સાથે, સંતોનો સંત સાથે કેવો વ્યવહાર હોય તો પરસ્પર પ્રેમ લાગણીને મહિમા વધે અને કેવો વ્યવહાર હોય તો મહિમા ઘટે તેને અનુરૂપ પાંચ પ્રશ્નો ઉપર વિચાર વિમર્શ કર્યો

હતો.

સ.ગુ. સ્વામી ઉતમપ્રિયદાસજીએ સંતોને ભલામણ કરતાં જણાવ્યું કે મહારાજનાં ધામમાં જવું હોય તેનું જીવન સાદું અને સરળ હોવું જોઈએ.

સ.ગુ. સ્વામી જગતપાવનદાસજીએ સાધુ થવા મળ્યું છે તો ખરેખરા સાધુ થજો.

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ કહ્યું હતું કે જીવનમાં જેને કાંઈક પામવું હોય તેને સક્રિય બનવું.

સ.ગુ. સ્વામી હરિબળદાસજીએ બપોર પછીના સત્રમાં નાનાં સંતોને ક્રિયા શુધ્ધિ ટકાવી રાખવાની મીઠી ટકોર કરી હતી.

ત્રીજો દિવસ તા. ૨-૨-૨૦૧૪ રવિવાર

સાવારનાા સાત્રામાં સ્વામી પરમહંસદાસજીએ અતિ આવશ્યક અને વિકાસ કે વિનાશનું મૂળ કહી શકાય તેવા સંપ-કુસંપ વિશે પોતાની ધીર ગંભીર વાણીથી સંતોને સંપ હોય તો શું કામ થાય અને ન હોય તો શું નુકસાન થાય, સંપ કેમ વધે, ટકે છે અને સંપ કેમ ટૂટે છે તે વિશે મુદ્દાસર વાતો કરીને સંતોને પરસ્પર સંપીને રહેવાની શીખ આપી હતી.

સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વાદ આપ્યા હતાં તેમાં તેમણે કહ્યું હતું કે આણી, વાણી અને વર્તન એક રાખજો. આપણે બીજાને કહીએ પણ જો આપણા જીવનમાં ન હોય તો તે ન ચાલે.

કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પણ સૌ સંતો સંપીને રહેજો ને આપણા વડીલો જેમ કરી ગયા ને કહી ગયા તેવું તમારું જીવન બનાવજો અને નરનારાયણદેવની નિષ્ઠા રાખીને હરિભક્તો રાજી થાય તેવું હંમેશાં કરશો.

સૌ સંતો સાથે મળીને ખાસ મુદ્દાઓ જેવા કે ઠાકોરજીની સેવામાં હોઈએ ત્યારે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું, ટેકનોલોજીનો ઉપયોગ કઈ કઈ મર્યાદા સાથે કરવો વગેરે ઉપર વિચાર વિમર્શ થયો હતો.

કથા :-

આ શિબિરમાં ત્રણે દિવસ સવાર સાંજ વચનામૃત અને ધર્મામૃતની કથાનું શ્રવણ શા. સ્વામી ભક્તવત્સલ સ્વામીએ કરાવ્યું હતું.

સવારનાં વચનામૃતનાં વાચન બાદ સ્વામી શ્રીહરિદાસજીએ વ્યાખ્યા કરીને સંતોને જીવનમાં ઉપયોગી થાય તેવી બાબતોનું ઝીણવટ પૂર્વક છણાવટ કરતાં કહ્યું હતું કે સંતોને પરસ્પર પિતરાઈ દાવો ન બંધાઈ જાય તેનું ધ્યાન રાખવું. તેનાથી સંતનો દ્રોહ થઈ જાય છે અને સંતનાં દ્રોહનું પાપ શાસ્ત્રમાં ભગવાનનાં દ્રોહ તુલ્ય કહ્યું છે. માટે પરસ્પર મહિમા સમજાય હરિભક્તોનો પણ મહિમા સમજાય તો શિબિર સફળ થાય આવી અનેક વાતો કરી હતી.

અંતે સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપતાં સંતોને કહ્યું હતું કે સર્વે સંતો આચાર, વ્યવહાર શુધ્ધ રાખજો, ભજન કરશો તો સાધુતાનાં ગુણ આવશે ભલે થોડું ઓછું ભણ્યા હશો તો વાંધો નહીં આવે પણ સાધુતામાં ઓછપ રહી જાશેતો વાંધો મોટો પડશે માટે સાધુતાનાં ગુણ રાખશો તો મહારાજ અને મોટા સંતો-ભક્તો રાજી થશે. સ્વામીના આશીર્વાદ બાદ શિબિરને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

આ શિબર પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને યુવક મંડળના વડીલ સંતોના માર્ગદર્શન હેઠળ સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, પાર્ષદ કોઠારી ખીમજી ભગત આદિ સંતો-ભક્તોએ સંભાળી હતી.

અહેવાલ :- વિદ્યાર્થી સ્વામી સુખનંદનદાસજી

## પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ઓસ્ટ્રેલીયાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૧૦-૧-૧૪ થી તા. ૧૪-૧-૧૪ સુધી કથા પારાયણ દિવસ પાંચની ભુજ મંદિરમાં કરવામાં આવી.

આ કથાના પ્રથમ દિવસના યજમાન ગામ કોડકીના પ.ભ. વાલજીભાઈ મનજી ખેતાણી હસ્તે નીલેશભાઈ, નવીનભાઈ, અલ્પેશભાઈ હતા. બીજા દિવસના કથાનું યજમાન પદ સહજાનંદ ગ્રુપ પ્રાઈવેટ લિમિટેડે શોભાવ્યું હતું. ત્રીજા દિવસના યજમાન ગામ દહીંસરાના શીવજીભાઈ કેશરા હાલાઈ હસ્તે રવીભાઈ તથા પ્રકાશભાઈ યજમાનપદે રહી ધન્યતા અનુભવી હતી. ચોથા દિવસના યજમાન તરીકે ગામ નારણપરના પ.ભ. પ્રેમજીભાઈ દેવજી વેકરીયા હતા. પાંચમા દિવસ કથાની સમાપ્તિના દિવસે યજમાનપદે સીડની મંદિર રહ્યું હતું.

## વસંત પંચમીના દિવસે સમૂહમાં શિક્ષાપત્રીનું પૂજન

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા આશીર્વાદ તેમજ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો તેમજ કોઠારી સંતોના માર્ગદર્શન અનુસાર તા. ૪-૨-૧૪ વસંત પંચમીના સવારે ૬ થી ૭ વાગ્યા સુધી બ્રહ્મનિષ્ઠ સંતોની હાજરીમાં વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તો દ્વારા સભા મંડપમાં શિક્ષાપત્રીનું સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા શાસ્ત્રી સ્વામી બ્રહ્મમુનિદાસજીએ કરાવ્યું હતું. મહંત સ્વામીના આશીર્વચન બાદ સંતો તેમજ હરિભક્તો શિક્ષાપત્રીના શ્લોકના બેનરો સાથે પ્રભાતફેરીમાં જોડાયા હતા. પ્રભાતફેરી ભુજ શહેરના રાજમાર્ગ પર નિકળી હતી. આ પ્રભાત ફેરીમાં આજુબાજુના ગામના તેમજ ભુજ શહેરના હરિભક્તો ભાઈ-બહેનો તથા સાંખ્યયોગી બહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ. પ્રભાતફેરી પૂર્વે બહેનોના મંદિરમાંથી વાજતે ગાજતે આંબો શહેરમાં ફરી પ્રભાતફેરી પૂર્ણ થતાં ઠાકોરજી આગળ પધરાવવામાં આવ્યો હતો.

## ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા શાકોત્સવ અને નૌકાવિહાર મહોત્સવ યોજાયો

ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા આશીર્વાદ તેમજ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ કોઠારી સંતો આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર તા. ૨૬-૧-૧૪ પ્રજાસત્તાક દિવસે મંદિરમાં શાકોત્સવ અને હમીરસરોવરમાં સહજાનંદ નોકાવિહાર મહોત્સવનું ભવ્ય આયોજન થયું હતું. પરંપરાગત રીતે ઉજવાયેલા શાકોત્સવ પ્રસંગે હજારોની સંખ્યામાં પધારેલા હરિભક્તો પ્રસાદ ગ્રહણ કરી તૃપ્ત થયા હતા. શાકનો વઘાર વડીલ સંતોએ શ્રધ્ધાભેર કરી લોયાના શાકોત્સવનું સ્મરણ કરાવેલ અને તે નિમિત્તે યોજાયેલ કથાના વક્તા સ્વામી ભક્તવત્સલદાસજીએ શાકોત્સવનો મહિમા સમજાવેલ. જેમાં કચ્છના પટેલ ચોવીસીના ગામે ગામથી શહેરી વિસ્તારના સત્સંગીઓ ઉમટી પડતાં હમીરસર તળાવ તેમજ મંદિર સંકુલ ધમધમી ઉઠ્યા હતા.

સવારે શાકોત્સવ તથા સાંજે સહજાનંદ નૌકાવિહાર મહોત્સવ અંતર્ગત શોભાયાત્રા, બ્રહ્મનિષ્ઠ સંતોના ધાર્મિક પ્રવચનો અને ત્યારબાદ હમીરસર તળાવમાં સુંદર શણગારેલ હોડીમાં ઠાકોરજીને નૌકાવિહારનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. મંદિરથી હમીરસર તળાવ સુધી ઠાકોરજીની શોભાયાત્રામાં ગામે ગામના હરિભક્તો તથા ભજન મંડળીઓ જોડાઈ હતી. જેના દર્શન માટે ભાવિકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. હમીરસર તળાવ પાસે પહોંચતાં શોભાયાત્રા ધર્મસભામાં ફેરવાઈ ગઈ હતી. અને સંતોએ પ્રવચનોમાં ઠાકોરજીના નૌકાવિહારની ઐતિહાસિક માહિતી આપીને તેનું ધાર્મિક મહત્ત્વ સમજાવ્યું હતું. ઉપરાંત ભુજમાં પૌરાણિક બાબતો સાથે સંકળાયેલા સ્મૃતિચિહ્નોની મહત્તાથી વાકેફ કર્યા હતા. બાદમાં ઠોકોરજીએ હમીરસર તળાવમાં નૌકાવિહાર કર્યું હતું.

આ પ્રસંગનો ઉજવવા માટે સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી અને સત્સંગી હરિભક્તોએ તડામાર પૂર્વે તૈયારીઓને આખરી આપ્યો હતો. હમીરસર તળાવમાં શ્રીજી મહારાજ સંતો સાથે અનેકવાર સ્નાન કરેલું જેથી આ તળાવનું ઘણું જ ધાર્મિક મહત્ત્વ છે. મહોત્સવ પહેલા હરિભક્તો સંતોના માર્ગદર્શન હેઠળ સરોવરની સફાઈ પણ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમોના યજમાન પદે સાં.યો. કુંવરબહેન હીરાલાલ વાઘજીયાણી માધાપર અ.નિ. હીરાલાલ મુરજી, ગં.સ્વ. રાધાબાઈ હીરાલાલ સહપરિવાર શાકોત્સવ અને સહજાનંદ નૌકાવિહાર મહોત્સવના રહ્યા હતા.

અહેવાલ :- પ્રાણલાલ ગોર

## માર્ચ – ૨૦૧૪ની કથા પારાયણો

| ગામનું નામ | તારીખ | યજમાન |
|---|---|---|
| સુખપર | તા. ૧૩-૩-૧૪ થી | સુખપરના માવજીભાઈ હરજી ભગત તરફથી ફુલડોત્સવ પ્રસંગો દિવસ તા. ૧૭-૩-૧૪ પાંચની કથા તા. ૧૬-૩-૧૪ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા બપોરે ૩:૦૦ વાગ્યે |
| નારણપર | તા. ૧૮-૩-૧૪ થી | સાં.યો. કાન્તાબાઈ પરબત કેરાઈ તરફથી પાંચ દિવસની કથા પારાયણ. તા. ૨૨-૩-૧૪ તા. ૨૧-૩-૧૪ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા સવારે ૮:૦૦ વાગ્યે |
| માનકુવા | તા. ૧૮-૩-૧૪ થી | અ.નિ. દેવરાજ કાનજી ભુડીયા હસ્તે નારણ દેવજી ભુડીયા આદિ પરિવાર તા. ૨૨-૩-૧૪ તરફથી પાંચ દિવસની કથા પારાયણ તા. ૨૨-૩-૧૪ના પાટોત્સવ |
| ભુજ | તા. ૨૪-૩-૧૪ થી | ગામ સુખપરના કાન્તાબેન કુંવરજી ખીમજી વેકરીયા પાંચ દિવસની નરનારાયણનગર તા. ૨૮-૩-૧૪ સત્સંગિજીવન કથા ભુજ મંદિરમાં |
| સુખપર | તા. ૨૪-૩-૧૪ થી | ગામ નરનારાયણ નગર સુખપર માવજી શીવજી વેકરીયા તરફથી ત્રણ તા. ૨૬-૩-૧૪ દિવસની કથા પારાયણ |
| માંડવી | તા. ૨૭-૩-૧૪ થી | માંડવી સાં.યો. રામબાઈ મુરજી કેરાઈ તરફથી માંડવી મંદિરમાં પંચાહ્ન તા. ૩૧-૩-૧૪ પારાયણ તા. ૨૯-૩-૧૪ના પૂ. મોટા મહારાજશ્રી પધારશે. તા. ૩૦-૩-૧૪ના આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજ પધારશે. |
| મેઘપર | તા. ૩૧-૩-૧૪ થી | મેઘપરના સાં.યો. સીતાબેન વાલજી હિરાણી તરફથી પાંચ દિવસની કથા તા. ૪-૪-૧૪ |

# સત્સંગ સમાચાર

## સહજાનંદ કોલેજનો શિલાન્યાસ

સાત દાયકા પહેલાં સ્વામિનારાયણ સંપ્રદાયના સમગ્ર ઈતિહાસમાં સૌ પ્રથમવાર વિદ્યાર્થીભવનની સ્થાપના કરી કુમાર શિક્ષણની યશકીર્તિ આલેખનાર ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે કન્યાકેળવણીની સાંપ્રદાયિક ક્રાંતિ સર્જવામાં પણ મોખરાનું સ્થાન મેળવ્યું છે તેવા ઉદ્‌ઘોષ સાથે ગુરુવારે વિજય મુહૂર્તે ભુજ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરે સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ (કન્યા કોલેજ) સંકુલનો શિલાન્યાસ કરી વધુ એક ક્રાંતિ ભણી કદમ ઉઠાવ્યું હતું. સંપ્રદાયના મોટા મહારાજશ્રી અને મહંત સ્વામી સાથે યજમાન દાતા પરિવારે ખાતમુહૂર્ત વિધિ કરેલ.

ભૂકંપ પછી નવનિર્માણ પામ્યાના એક જ દાયકામાં શ્રદ્ધા, સમર્પણ, ભક્તિ અને સેવાકાર્યોમાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોખરાનું સ્થાન સ્વયંભૂ અંકિત કરી ચૂકેલા કચ્છ-ભુજ શ્રીનરનારાયણદેવ મંદિરે અનેકવિધ ઉચ્ચ શિક્ષણના પ્રવાહો સાથેની ડિગ્રી કોલેજનો પાયો નાખી જિલ્લામાં સંસ્કારયુક્ત કન્યાકેળવણીનો આરંભ કર્યો. ગુરુવારે ભુજ-મિરજાપર રસ્તે સ્થિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના સંકુલના પશ્ચિમ ભાગમાં ૫૦ હજાર ચોરસફૂટ બાંધકામ, ૨૪ વર્ગખંડ, ૬ સંચાલન વિભાગ, પાર્કિંગ, મલ્ટીમીડિયા હોલ, લાયબ્રેરી સમેત ૧૮૦૦ થી ૨૦૦૦ છાત્રાઓને સમાવી શકે તેવી મસમોટી અદ્યતન ઈમારતના પાયા રોપતાં મોટા શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી (અધ્યક્ષ), વરિષ્ઠ સંત સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી રવજીભાઈ ભુડીયા, ઉપકોઠારી અર્જુનભાઈ દબાસિયા તથા સર્વે ટ્રસ્ટી મંડળ સમેત સૌ સંતોનો સહિયારો નિર્ણય સાકાર થયો હતો. શિલાન્યાસના ખાતમુહૂર્તના મુખ્ય દાતા ગામ માધાપર, હાલે પર્થ(ઓસ્ટ્રેલિયા) વિશ્રામભાઈ લાલજી પીંડોરિયા, ધ.પ. રાધાબેન તેમજ પુત્રો કાન્તિભાઈ, વિજયભાઈ, સુરેશભાઈ, જમાઈ મુકેશભાઈ સહપરિવાર શિલાન્યાસ વિધિમાં પરિવાર જોડાયો હતો. તેમણે ૭૧ લાખ રૂપિયાનું દાન બે તબક્કે જાહેર કર્યું હતું. તે ઉપરાંત પણ અનેક દાતાઓએ સંતો, શાસ્ત્ર, દેવમાં અસીમ શ્રદ્ધાના પ્રમાણરૂપ ૨૫,૧૫,૧૧ અને ૫ લાખના સંખ્યાબંધ દાન જાહેર કર્યા હતા. સૌને યથોચિત આદર-ઉલ્લેખ સાથે પહેરામણી કરાવતાં સભાપતિ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ દાતાઓને કન્યાદાન, વિદ્યાદાન અને શ્રી નરનારાયણદેવને દાન એમ ત્રિવિધ દાનલાભના યશભાગી ગણાવી દાનગંગાના પ્રવાહમાં ભરતી લાવી દીધી હતી. તેમણે ૨૫ હજાર સુધીના દાન તક્તીએ લખાશે તેવું જાહેર કર્યું હતું.

સંસ્કારયુક્ત શિક્ષણ સ્વામિનારાયણ સંપ્રદાયનો મુદ્રાલેખ છે. ગોખણપટ્ટી ભૂલાયા પછી વધે તે કેળવણી, સત્સંગ સંવર્ધનમાં મહિલાઓ પાયામાં છે ત્યારે ભુજ મંદિરે સર્જેલો કન્યા કોલેજનો ઈતિહાસ સંપ્રદાયમાં મોખરે હોવાની ઉદ્‌ઘોષણા કરતાં મોટા મહારાજે થયેલા-થનારા કાર્યનો શબ્દપુષ્પ અભિષેક કર્યો હતો. તેમણે કન્યાઓના યુનિફોર્મમાં પૂર્વ-પશ્ચિમનું મિલન હોવાનું કહી જગતનું સર્વાંગી જ્ઞાન આપવા સંચાલકોને કહ્યું

હતું. મંદિરના આદ્ય મહંતો શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી મુરલીમનોહરદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, વિદ્યાર્થીભવનના સ્થાપક સ્વામી શ્રીવલ્લભદાસજીને શિષ્યભાવે યાદ કરતાં મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ મંદિર હંમેશાં સમાજિક સેવાના કાર્યોમાં કટિબદ્ધ હતું ને ભવિષ્યમાં પણ રહેશે તેમ કહી દાતાઓને કન્યા કોલેજના પ્રકલ્પમાં ઉદાર હાથે દાન આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અરજણભાઈ પીંડોરિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી મંદિરના કાર્યને બિરદાવ્યું હતું. પ્રારંભે સંચાલક સમિતિના મંત્રી પ્રવીણભાઈ પીંડોરિયાએ વિકાસગાથા વર્ણવી હતી. કચ્છ યુનિ. પૂર્વ વાઈસ ચાન્સેલર તુષારભાઈ હાથીએ લક્ષ્મીને સરસ્વતીની પૂજામાં વાપરવાની વાત કરી હતી. મંદિરના ટ્રસ્ટી અને શિક્ષણ સંચાલક સમિતિના ચાવીરૂપ કાર્યકર મૂરજીભાઈ શિયાણીએ આભારદર્શન કર્યું હતું. યુ.કે. કોમ્યુનિટી પ્રમુખ માવજીભાઈ વેકરીયા, કાનજીભાઈ ખીમજી જેસાણી, પ્રવીણભાઈ જાદવજી ગાજપરિયાએ શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ભાડા ચેરમેન કિરીટભાઈ સોમપુરા, ધારાસભ્ય નીમાબેન આચાર્ય, નગરપતિ હેમલતાબેન ગોર, લેવા પટેલ સમાજના પ્રમુખ હરિભાઈ હાલાઈ, આર. આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સાંખ્યયોગી મહંત શામબાઈ ફઈ અને સમગ્ર ચોવીસી-કચ્છના ત્યાગી બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય કક્ષાએ યોગાસનમાં કાંસ્યચંદ્રક મેળવી સંસ્થાનું અને ગુજરાત રાજ્યનું નામ રોશન કરી ગૌરવ અપાવનાર વિદ્યાર્થિની કુ. કેરાઈ ભાવના મનજી(સુખપર) ધોરણ-૧૦ અને કુ. રાઘવાણી કાજલ ધીરજલાલ(બળદિયા) ધોરણ-૧૧ વિદ્યાર્થિનીનું સન્માન કરવામાં આવેલ. બહેનોના વિભાગમાં ટ્રસ્ટી શ્રીમતી દેવુબેન દબાસીયા તથા મીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહમાતા રક્ષાબેન તથા આચાર્યા દક્ષાબેન પીંડોરીયાની સૂચનાનુસાર શિક્ષિકાબહેનોએ વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રસંગે વ્યાસાસનેથી પૂ. પરમહંસદાસજી સ્વામીએ શિક્ષણ, સંસ્કાર અને જ્ઞાન દ્વારા આત્મજ્ઞાન અને આત્મવિકાસ દ્વારા સુશોભિત અને સદાચારી સમાજનિર્માણની વાતને વણી લેતી કથાનું શ્રવણ કરાવ્યું હતું.

આયોજન-વ્યવસ્થા મંદિરના મુખ્ય કોઠારી સ્વામી ભગવતજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ સહકોઠારી સ્વામી હરિબળદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતો, સંચાલક સમિતિના પ્રમુખ વિશ્રામભાઈ દબાસિયા, ટ્રસ્ટી ખીમજીભાઈ હરજી હાલાઈ, ઉપપ્રમુખ લક્ષ્મણભાઈ શિયાણી, સહમંત્રી ભરતભાઈ મહેતા, રત્નાભાઈ દેવશી કેરાઈ, સર્વશ્રી લાલજીભાઈ રૂપાલિયા, કાનજીભાઈ વેકરીયા,ખીમજીભાઈ પીંડોરીયા, ખીમજીભાઈ ભુડિયા, કુરજીભાઈ ખેતાણી, શિવજીભાઈ હિરાણી, અનિલભાઈ ગોર, વિનોદભાઈ શિયાણી, પરબતભાઈ વરસાણી, જાદવજીભાઈ, પુરૂષોત્તમભાઈ હિરાણી, નારણભાઈ આદિ સમસ્ત સદસ્યોએ સહિયારો પ્રયાસ કર્યો હતો. યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રલિયા સહિતના મંદિરોના પ્રમુખ-કારોબારી, દાતાઓ, ચોવીસીના દાતાઓ, અગ્રણીઓ, કર્મયોગી બહેનો મોટી સંખ્યામાં હાજર રહી શિક્ષણના સંકલ્પને સમર્થન આપી દીધું હતું. ધારાસભ્ય નીમાબેન આચાર્યે ૩ લાખની ગ્રાન્ટ ફાળવી હતી. કાર્યક્રમ બાદ મહાપ્રસાદરૂપ ભોજન વ્યવસ્થામાં કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ઓયોજનબધ્ધ રીતે પીરસવાની કામગીરી ચીવટપૂર્વક બજાવી હતી.

અન્ડર - ૧૯ યોગાસનમાં સમગ્ર ભારતમાં રજતચંદ્રક મેળવી ગુજરાતનું નામ રોશન કર્યુ

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજીત અન્ડર - ૧૯ યોગાસન સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડિકલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિની કુ. કેરાઈ ભાવના મનજી(સુખપર) ધોરણ-૧૦ અને કુ. રાઘવાણી કાજલ ધીરજલાલ(બળદિયા) ધોરણ-૧૧ એ સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલું હતું. આ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધા તા. ૧૬ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદ મુકામે યોજાયેલ હતી. સમગ્ર ભારતમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકો સામેલ હતા.

આ બન્ને વિદ્યાર્થીનીઓએ અન્ડર-૧૯ યોગાસનમાં ખૂબ સારું પ્રદર્શન કરી અને ગુજરાતને રજત ચંદ્રક અપાવ્યું છે. ભરતભરના તમામ રાજ્યોમાંથી આવેલા સ્પર્ધકોને માત આપી આપણી કચ્છની આ બે વિદ્યાર્થીનીઓએ માત્ર શાળા, સમાજ કે કચ્છ જિલ્લાનું જ નહીં પરંતુ ગુજરાતનું પણ નામ રોશન કર્યું છે. તેમની સફળતા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ સંતો, ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો, શાળાના આચાર્યશ્રી તેમજ સમગ્ર શિક્ષકગણ વિદ્યાર્થીનીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સોનેરી સિદ્ધિઓ મેળવતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય
## માંડવી ખાતે ૬૫માં પ્રજાસત્તાક પર્વની થયેલ ઉમંગભેર ઉજવણી

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનાં પ્રાંગણમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામનાં અધ્યક્ષ શા. સ્વામી અક્ષરપ્રપકાશદાસજીએ મંદિરથી પધારેલ સંતો અને ટ્રસ્ટીઓની હાજરીમા "રાષ્ટ્રધ્વજ" લહેરાવી સલામી આપી હતી. તેમણે રાષ્ટ્રના વિકાસને અવરોધતા પરિબળોને ઉખેડી ફેંકવા તત્પર રહેવા જણાવ્યું હતું. તેમજ સંસ્કારધામમાં થતી વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનો આછેરો ખ્યાલ આપ્યો હતો.

પ્રારંભમાં શાળાનાં આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ મહેમાનોને આવકાર આપ્યો હતો તેમજ પ્રસંગોચિત ઉદ્દ્બોધન કર્યું હતું. પ્રાથમિક અને માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ મુંબઈ પરના ૨૬-૧૧ના આતંકી હુમલા પર ત્રાસવાદીઓ સામેના જંગમાં અજમલ કસાબને પકડી પાડી ફાંસી સુધીનું દશ્ય નાટક દ્વારા રજૂ કરી પ્રેક્ષકોની દાદ મેળી હતી. શાળા કક્ષાએ તેમજ આંતર શાળામાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓની સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના પૂર્વ સંચાલક શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી વગેરે સંતોએ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશ મહેતાએ કર્યું હતું. જ્યારે આભારવિધિ પ્રા. વિભાગના આચાર્યશ્રી દિલીપસિંહ જાડેજાએ કરી હતી. આ પ્રસંગે શાળાના બંને વિભાગના શિક્ષકશ્રીઓએ કાર્યક્રમની તમામ વ્યવસ્થા સંભાળી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ યાત્રા પ્રવાસ

વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવકોએ તા. ૧૯-૧-૨૦૧૪ રવિવારના રોજ એક દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરેલ. સવારે ભુજ મંદિરના શણગાર આરતીના દર્શન કર્યા બાદ પચાસ જેટલા યુવાનો સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, પુરાણી સ્વામી સરજુદાસજી તથા પાર્ષદ માવજી ભગતની સંગાથે આ પ્રવાસમાં નીકળ્યા હતા. મેઘપર, ગોળપર, દહિંસરા, સરલી, રામપર, વેકરા, આદિક ગામોમાં ઠાકોરજીના દર્શન કર્યો. ત્યાંથી ગંગાજી મધ્યે આવેલ તપોવન ગુરુકુળમાં શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી આદિ સંતોએ આવકાર્યા બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કર્યા. ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ જે સ્થાનમાં પધાર્યા હતા. એવું દિવ્ય પ્રસાદીનું સ્થળ ગંગાજી ગયા. પ્રસાદીના સ્થળના દર્શન કરી, ગંગાજીમાં સ્નાન કર્યું ત્યારબાદ ગંગેશ્વર મહાદેવના સાંનિધ્યમાં યોજાયેલ સભામાં સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ ઉધ્યાપનની માનસીપૂજા કરાવી. સ્વામી સરજુદાસજી તથા સ્વામી મહાપુરુષદાસજીએ મહારાજની લીલા અને મહિમાની વાતો કરી. સ્વામી દેવચરણદાસજીએ રામપર ગંગાજીના સ્થાનનું મહાત્મય જણાવ્યું. સંતોના વરદ્‌હસ્તે સૌ યુવાનોને મેવાનો પ્રસાદ પ્રાપ્ત થયો. ત્યાંથી મહારાજ નિલકંઠ વર્ણીસ્વરૂપે પધાર્યા હતા. એવી પ્રસાદીની મેરાઈ વાડી અને ત્યાંથી વિંગડીયા ગામ મધ્યે આવેલ પ્રસાદીનું રત્નાસર તળાવના દર્શન કર્યા ત્યાંનો ઈતિહાસ અને મહિમા સંતોએ વર્ણવ્યો. ત્યાંથી સાંજે છ વાગ્યે મંદિરે પરત આવી ગયા. યાત્રા પ્રવાસ અતિશય દિવ્ય અને અવિસ્મરણીય થઈ રહ્યો.

અહેવાલ :- સંજય ડી. અનમ

## શાકોત્સવ - શિક્ષાપત્રી જયંતીની, કોડકી ગંગાજી

તા. ૧૨-૨-૧૪ બુધવારના કોડકી ગંગાજી મધ્યે શાકોત્સવનું આયોજન કરેલ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શાકોત્સવ લીલાની સુમધુર કથા સંગીતના સથવારે કરી ત્યારબાદ ભુજથી પધારેલ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ સત્સંગનો લાભ આપ્યો હતો. સહજાનંદ ગુરુકુલથી પધારેલ સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આશીર્વચન આપ્યા હતા. અને મંડળના સંતો તેમજ દરેક સંતોએ કોડકી ગંગાજીનો જે રીતે વિકાસ થાય છે તેને જોઈ ખૂબ રાજી થયા હતા. અને ગામના સર્વે હરિભક્તોને તથા ગંગાજીની કમિટીને ખૂબ ધન્યવાદ આપ્યા હતા. બપોરે સૌ કોઈ ભક્તોને રોટલા, શાક રૂપી પ્રસાદ લઈ શાકોત્સવની પૂર્ણાહુતિ કરી હતી.

કોડકી શ્રી સ્વામિનારાયણ મંદિરના સાંખ્યયોગી બહેનોની સદ્‌ભાવના, સદ્‌વિચાર તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની યુવાન દીકરીઓના સહિયારા પ્રયાસથી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકના એક એક પોસ્ટર બનાવી આખાય ગામમાં લગાડવામાં આવ્યા હતા. જેથી સર્વ જાતિના તેમજ સર્વે ધર્મના લોકો તે વાંચી તેને અનુસરીને સુખી થાય. અને આ ભવ્ય સંકલ્પ તથા આયોજનને ગામના સર્વે લોકો તરફથી સારો એવો પ્રતિસાદ પણ મળ્યો હતો.

અહેવાલ :- નારણ રવજી હાલાઈ

# શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીમાં શાકોત્સવ એવમ્ શ્રીહરિ વિદ્યામંદિરના વાર્ષિક રમતોત્સવની ભવ્ય ઉજવણી સંપન્ન.....

દિનાંકઃ ૧૬/૦૨/૨૦૧૪, રવિવારના રોજ તીર્થધામ ગંગાજીના તટે વિદ્યમાન શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના પ્રાંગણમાં ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સાંનિધ્યમાં પૂજનીય સંતો,હરિભક્તો,માનવંતા મહેમાનો,વાલીશ્રીઓ, કર્મચારીગણ અને શ્રીજીને વાહલા વિદ્યાર્થીઓની બહુસંખ્યામાં શાકોત્સવ અને રમતોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શ્રી રામ, શ્રી શ્યામ અને શ્રી ઘનશ્યામ મહારાજના પદારવિંદથી પાવન ગંગાજીના તટે વિદ્યમાન આ શિક્ષણધામના પ્રાંગણમાં પ્રાતઃકાળે ભગવાન સૂર્યનારાયણના આગમન સાથે જ ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીના કંઠે સ્વામિનારાયણ મહામંત્ર ધૂન દ્વારા ઉત્સવના આરંભનો શંખ ફૂકાયો હતો. રમતોત્સવની મર્યાદા અને ગરિમા જાળવવાના હેતુસર પ્રતિજ્ઞા લેવડાવનાર વિદ્યામંદિરના નિયામક શ્રી શિવશંકરભાઈ નાકરના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ સમૂહ કવાયતે સમતાના પાઠને પ્રત્યક્ષ રૂપ આપી સૌને આનંદિત કર્યા હતા. આજથી ૧૯૩ વર્ષ પૂર્વે સંવત ૧૮૭૭ની સાલમાં પ્રગટ પુરૂષોત્તમ ભગવાન સ્વામિનારાયણે લોયા ગ્રામે સ્વહસ્તે કરેલ પ્રથમ શાકોત્સવ કરી ઉદ્ધવ સંપ્રદાયમાં પ્રવર્તાવેલી. શ્રીજી મહારાજની પ્રસાદીભૂત દિવ્ય પરંપરાને અનુસરી આ શિક્ષણધામના પ્રાંગણમાં સદ્. શતાનંદ સ્વામીના પાવન કર-કમળ દ્વારા વિરચિત સમગ્ર સંત્સંગીઓના જીવનની આચાર સંહિતા સમાન 'સત્સંગી જીવન' ગ્રંથમાં લખાયેલ શાકોત્સવની અલૌકિક કથાનું રસપાન વ્યાસાસનેથી પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કરાવ્યું હતું. શાળાકીય આંતરીક વ્યવસ્થાના ત્રણ ભાગ પાડવામાં આવેલા છે; જેમના નામ ગંગા, યમુના અને સરસ્વતી રાખેલ છે. આ ત્રણ ટીમને અનુક્રમે લાલ, પીળો અને વાદળી રંગના ગણવેશ તથા જે તે રંગના ધ્વજથી સુસજ્જિત કરવામાં આવેલ. આ ટીમે સાંધિકતાના પ્રતિક સમાન કદમ તાલ સાથે ટીમ તથા કાર્યક્રમના મુખ્ય ધ્વજ એવા સફેદ રંગના ધ્વજનું સંતો તથા યજમાન પરિવારના વરદ્ હસ્તે યથા સ્થાને આરોપણ કરાવી કાર્યક્રમને ગતિ આપી હતી. યજ્ઞ વેદી પર આરૂઢ બાળ ઋષીઓએ વેદમંત્રોના નાદથી વાતાવરણને પવિત્રતા બક્ષી હતી અને એજ યજ્ઞના અગ્નિ વડે પૂજનીય સંતોના કર-કમળ વડે દીપ પ્રાગટ્ય વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

આ પ્રસંગને દિવ્યતા અને સફળતા અપાવવા શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજથી સદ્. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, મંડળધારી સદ્. ધર્મપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી નિરન્નમૂક્તદાસજી, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન-ભુજથી શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીથી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિર-માંડવીથી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ ૫૦ જેટલા સંતો પધાર્યા હતા.

વેલકમ, દીવાલ, ત્રિકોણ, મંદિર, અર્ધગોળાકાર, મુગટ, બ્રિજક્રોસ, ચોકડી, રથ અને લાલ કિલ્લાની પિરામીડ રચનાએ સૌને મુગ્ધ કર્યા હતા. આ સાથે ૧૦૦મી. દોડ, કોળા ખાવ, હવાદોડ, સૂર્યનમસ્કાર, સિક્કા શોધ, બિસ્કીટ ઈટ, દેડકા દોડ, લાઠી દાવ, સોય-દોરો, લીંબુ-ચમચી, ફુગ્ગા બચાવ, ત્રિપગી દોડ, લાકડા દોડ જેવી રમતોએ તથા અંતે બાપા મોરયા નૃત્યગીતે ઉપસ્થિતોને જકડી રાખી ખુશખુશાલ કર્યા હતા. આ ઉત્સવ દ્વીપનું મુખ્ય યજમાન પદ કિંગ્સ કિચન એન્ડ હોમ ઈન્ટેરીઅર ડાયરેક્ટરશ્રીઓ પ.ભ.શ્રી ગોવિંદભાઈ ધનજી રાબડીયા, પ.ભ.શ્રી મનસુખભાઈ દેવજીભાઈ વેકરીયા તથા પ.ભ.શ્રી મુકેશભાઈ દેવજીભાઈ વેકરીયાએ શોભાવ્યું હતું. વિદ્યાર્થીઓની મહેનત અને કૌશલ્યોને નિહાળીને ઉપસ્થિત ભક્ત સમુદાયે શાકોત્સવ અને રમતોત્સવ પ્રત્યે અહો ભાવ વ્યક્ત કરતાં દાનનો પ્રવાહ

# એડેલાઈડ (ઓસ્ટ્રેલિયા) મધ્યે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો



























શ્રી શિક્ષાપત્રીનું પૂજન કરાવતા સંતો અને ભક્ત સમૂદાય-કોડકી



શાકોત્સવ - નારણપર નીચલોવાસ




પંચાહ્ન પારાયણ પ્રસંગે યજમાનશ્રીને પહેરામણી-ભુજ



શ્રી શિક્ષાપત્રી પૂજન - કેરા





શ્રી શિક્ષાપત્રી પૂજન - ઓલ્ડહામ (યુ.કે.)






શ્રી શિક્ષાપત્રીની ૧૮૮મી જયંતી પર્વે શિક્ષાપત્રી પૂજન, તથા શિક્ષાપત્રી શોભાયાત્રા-ભુજ






મેલ્બોર્ન ઓસ્ટ્રેલિયા મંદિરનો ૨જો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો





શાકોત્સવ - સ્ટેનમોર યુ.કે.



વસંત પંચમી પૂજન - સ્ટેનમોર યુ.કે.



પ્રથમ સંત શિબિરમાં ઉપસ્થિત મહંત સ્વામી આદિ શિબિરાર્થી સંતો - રામપર ગંગાજી



રાપર નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ વિધિ સાથે
શ્રી શિક્ષાપત્રી પૂજન પ.પૂ. મહંત સ્વામીના સાનિધ્યમાં સંપન્ન થયું. રાપર



શિક્ષાપત્રી પૂજન પ્રસાદી મંદિર - ભુજ



શ્રી પૂ.આ. સત્સંગ સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવ-નાઈરોબી

વહેવડાવ્યા બાદ શાકોત્સવનો મહાપ્રસાદ ગ્રહણ કરી સૌ કૃતાર્થ થયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુરુકુલ સંચાલક સંત મંડળ, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષણ સમિતિના સદસ્યો, વિદ્યાલય તથા ગુરુકુલ વિભાગના કર્મચારીઓ અને સર્વે વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ : સ્વામી દેવનંદનદાસજી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ કચ્છ દ્વારા સુવર્ણ જયંતી શૈક્ષણિક રૈલી યોજાઇ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી ઉજવણીના ભાગરૂપે એક શૈક્ષણિક રેલી યોજાઈ હતી.

રેલી પૂર્વે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સભામંડપમાં યોજાયેલ સમારોહમાં મંદિરના પુરાણી સ્વામીશ્રી પ્રેમપ્રકાશદાસજીના અધ્યક્ષસ્થાને અને અતિથિ વિશેષ પદે પૂજ્ય પાર્ષદ જાદવજી ભગત રહેલ. આ પ્રસંગે મંદિરના વરિષ્ઠ સંતો પૂ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી જગતપાવનદાસજી, વિદ્યાલયના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી ઉપરાંત કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, મંદિરના ટ્રસ્ટીશ્રી મૂળજીભાઈ શિયાણી, વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, મંત્રીશ્રી કરશનભાઈ હાલાઈ, ટ્રસ્ટીઓ સર્વશ્રી લાલજીભાઈ વરસાણી, લાલજીભાઈ રાબડીયા, જગદીશભાઈ વાઘાણી તથા દિનેશભાઈ પિંડોરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં આવકાર આપતાં શાળાના આચાર્યશ્રી મગનભાઈ સુથારે વર્ષભર ચાલનાર કાર્યક્રમો અંગેની વિગતો આપી હતી. કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રેલીનો પ્રારંભ મશાલ પ્રાગટ્યથી કરવા બાબતે મશાલનો મહિમા કરતાં કહ્યું કે જ્યારે એક સાથે ચાર મશાલો પ્રગટશે ત્યારે પ્રજ્જવલિત થયેલી જ્યોત દ્વારા આધ્યાત્મિક અનુભૂતિ સાથે વાતાવરણમાં એક સંદેશ વહેતો થશે. તેનો પ્રકાશ સૂર્યકિરણોમાં ભળી જઈને સમગ્ર વિશ્વના ખૂણે ખૂણામાં જ્ઞાનના અજવાળા પાથરીને અજ્ઞાનતા અને અંધશ્રધ્ધાના તિમિર દૂર કરી ધર્મ અને જ્ઞાનનો માર્ગ પ્રકાશિત કરશે. શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ સાધવા અને ગુરુત્વાકર્ષણના નિયમને ઉલ્લંઘીને જેમ જ્યોત ઉર્ધ્વગતિ કરે છે તેમ સૌએ પોતાનું જીવન ઉન્નત બનાવવા વિદ્યાર્થીઓને શીખ આપી હતી.

અતિથિવિશેષ પદેથી પૂજ્ય પાર્ષદવર્ય જાદવજી ભગતે શાળાના સુવર્ણ જયંતી નિમિત્તે થનાર કાર્યક્રમો માટે ભુજ મંદિરના સંપૂર્ણ સહયોગની આપેલ ખાતરીને સૌએ વધાવી લીધી હતી. અધ્યક્ષસ્થાનેથી આશીર્વાદ આપતાં સ્વામી પ્રેમપ્રકશદાસજીએ જણાવેલ કે શૈક્ષણિક ક્રાંતિ માટે અ.નિ. સ્વામી ધર્મજીવનદાસજી અને અ.નિ. સ્વામી શ્રીવલ્લભદાસજીએ વાવેલું બી આજે વટવૃક્ષ બની જ્ઞાનરૂપી શીતળ છાયા આપી રહ્યું છે. મશાલ પ્રાગટ્ય દ્વારા વિશ્વના ખૂણે ખૂણામાંથી અજ્ઞાનને દૂર કરવાના ઉત્તમ વિચારને અનુમોદન આપ્યું હતું. સુવર્ણ જયંતીના દરેક કાર્ય ઉમંગભેર કરવાની ભલામણ કરી,સાફલ્ય માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ ચાર મશાલોના પ્રાગટ્યથી રેલીને સ્ટાર્ટ અપાયો હતો. ચાર મશાલોના પ્રથમ મશાલનું પ્રાગટ્ય સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી અને પાર્ષદવર્ય જાદવજી ભગતે, દ્વિતીય મશાલનું પ્રાગટ્ય શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, આચાર્ય મગનભાઈ સુથાર અને વિજ્ઞાન પ્રવાહના આચાર્ય નિષદભાઈ મહેતાએ, તૃતીય મશાલનું પ્રાગટ્ય કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ અને મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી અને ટ્રસ્ટીઓએ જ્યારે ચતુર્થ

મશાલનું પ્રાગટ્ય વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડિયા, મંત્રી શ્રી કરસનભાઈ હાલાઈ અને ટ્રસ્ટીઓએ કર્યું હતું.

ત્યારબાદ શૈક્ષણિક અને સામાજિક સંદેશ આપતા વિવિધ બેનરો, બેન્ડ પાર્ટી સાથેની રાસમંડળી, લેઝીમ મંડળી અને વિવિધ સુત્રોચ્ચાર સાથે ૬૦૦ વિદ્યાર્થીઓની આ રેલી મંદિરેથી નીકળી શહેરના મુખ્ય માર્ગો ઘનશ્યામનગર, વી.ડી.હાઈસ્કૂલ, વાણિયાવાડ, બસસ્ટેશન, લેકવ્યુ, મંગલમ અને કૈલાશનગર થઈ શાળાએ પરત ફરી હતી.

સમારોહનું સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું. જ્યારે શૈક્ષણિક રેલીનું સમગ્ર આયોજન શાળાના શિક્ષકો સર્વશ્રી વિનયચંદ્ર રાવલ, દિલિપભાઈ ભટ્ટ, ચેતન લાખાણી, ભરતભાઈ સાપાનેરા, હિતેશભાઈ વ્યાસ, શાંતિલાલ પટેલ, કાન્તિલાલ કોઠરીયા, ધીરેનભાઈ, અતુલભાઈ પટેલ, આરીફભાઈ મલેક, શૈલેશભાઈ જોષી, મહેન્દ્રભાઈ સાચદે સહિત સમગ્ર સ્ટાફે સંભાળ્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી (શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય)

## વિલેપાર્લે મુંબઇને આંગણે સર્વમંગલ પંચદશાબ્દીમ્મહોત્સવ એવમ્ વસંતોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લે મુંબઈને આંગણે મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સર્વમંગલ પંચદશાબ્દી મહોત્સવ એવમ્ વસંતોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

તા. ૨-૨-૨૦૧૪ રવિવારના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે શ્રી ઘનશ્યામ બાલમંડળ પાર્લા, સાયન, થાણા, કાંદીવલીના બાળકો દ્વારા ભવ્ય મશાલયાત્રા અને સ્વાગત ગીત નૃત્ય સાથે ભુજથી પધારેલા મંડળના મહંત સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી કેશવજીવનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંતો દ્વારા વિજય ધ્વજ રોપણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સર્વમંગલ સભામંડપમાં(વાગડ) સલારી ગામથી પધારેલા સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શનથી પાર્લા મહિલા મંડળના બહેનો દ્વારા સુંદર રંગબેરંગી રંગોળીમાં ગોઠવેલા ૧૦૧૫ દીવડાની સાથે સંતોએ દીપપ્રાગટ્ય કર્યું હતું.

ત્યારબાદ પાર્લા શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો દ્વારા સર્વમંગલ મહોત્સવમાં આવ્યો મારે આંગણે.. આ નૃત્ય ગીત સાથે ભવ્ય લાઈટ શો દર્શાવામાં આવ્યો હતો.

તા. ૪-૨-૨૦૧૪ મંગળવારના રોજ વસંતપંચમી શિક્ષાપત્રી જયંતીને દિવસે વહેલી સવારે સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ શિક્ષાપત્રીનું પૂજન કરાવ્યું હતું.

ત્યારપછી ૨૧૨ બાઈકોમાં શિક્ષાપત્રી શ્લોક કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો એક સફેદ યુનિફોર્મથી સુશોભિત તથા સાંખ્યયોગી બહેનો દ્વારા તૈયાર કરાયેલા મહિલા મંડળના બહેનો આંબો અને પુષ્પથી શોભતા સામૈયા લઈને શિક્ષાપત્રી સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણની ભવ્ય નગર યાત્રામાં જોડાયા હતા.

શોભાયાત્રા પરત મંદિરમાં પધારી સર્વમંગલ સભામંડપમાં બેઠેલા સર્વ હરિભક્તોને સ.ગુ.પુ. સ્વામી કેશવજીવદાસજીએ ખૂબ જ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજીએ ફગવાના પ્રસાદની વ્યવસ્થા કરી હતી.

તા. ૫-૨-૨૦૧૪ બુધવારના રોજ વ્યાસમુનિ કૃત શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનો પ્રારંભ થયો. જેના વક્તા પદે પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી રહ્યા હતા. સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા તબલા વાદક સ્વામી કપિલમુનિદાસજીના સથવારે શ્રીઘનશ્યામ બાલ મંડળના બાળકો તથા

કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ પાર્લા મુંબઈ તથા માંડવીના યુવાનો દ્વારા પ્રહ્લાદ આખ્યાન, રામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, માખણચોર લીલા(મટકી ફોડ), કાલીનાગ દમન, કંસ મોક્ષ લીલા વિગેરે પાત્ર અભિનય કરી સૌને કથા શ્રવણ સાથે દર્શનનો લાહવો મળ્યો હોવાથી સૌ હરિભક્તો રાજી થયા હતા.

તા. ૯-૨-૨૦૧૪ રવિવારના રોજ બપોરપછી ૩:૩૦ વાગ્યે ઠાકોરજી તથા પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જેમાં પાર્લા મંદિરના દેવોનો ૧૫મો પાટોત્સવ હોવાથી યુવાનો ૧૧૫ બાઈકો અને મહિલાઓ ૧૧૫ સામૈયા લઈને જોડાયા હતા. આ સુંદર નયન રમ્ય શોભાયાત્રા જોઈ મુંબઈ નગરજનો પણ આકર્ષાયા હતા.

ત્યારબાદ પાર્લા મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોના વરદ હસ્તે ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો તથા આરતી કરવામાં આવી હતી.

પાર્લા મંદિરના દેવોનો ૧૫મો પાટોત્સવ હોવાથી યુવક મંડળના યુવાનએ ૧૫ ફૂટ મોટા ગુલાબના હારથી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. પ.પૂ. ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો યુવાનોની સેવા બિરદાવી પ્રશંસા કરી, બાળકો યુવાનો તથા ટ્રસ્ટી મંડળ સહિત સમસ્ત હરિભક્તોને ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ ઉત્સવનો મોટી સંખ્યામાં મુંબઈ વિસ્તાર તથા નાસીકના દેશ-વિદેશના સમસ્ત હરિભક્તોએ ખૂબ જ ભાવથી લાહવો લીધો હતો. આ ઉત્સવમાં સભા સંચાલન પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું.

આ સમગ્ર ઉત્સવનું સફળ સંચાલન પાર્લા-મુંબઈના કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજી તથા પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પાર્લા વિશ્રાંતિ ભુવનના ટ્રસ્ટી મંડળે કર્યું હતું.

અહેવાલ :- કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજી - પાર્લા, મુંબઈ

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ

- પ.ભ પ્રેમબાઈ વિશ્રામ કરસન હિરાણી- ભુજ, હાલે મોમ્બાસા
- પુરબાઈ પ્રેમજી વરસાણી, કાન્તાબેન નાનજી, ધનબાઈ પ્રેમજી, લાલબાઈ લક્ષ્મણ હીરાણી- સુખપર
- પુરબાઈ કાનજી મનજી હીરાણી - ભક્તિનગર મહા સુદ ૧૧ના એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ
- પ.ભ. મૂરજીભાઈ હરજી કારા તથા રામજી મૂળજી કારા પુત્ર કિશન રામજી - દહીંસરા
- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મયૂરભાઈ દીનેશભાઈ ગોર ધ.પ. ગોપીબેન - સાંઘવવાલા
- પ.ભ. પ્રિયાંશીબેન કિશોર વાઘાણી હ. કિશોર કાનજી વાઘાણી - સુખપર
- પ.ભ. અ.નિ. નારણભાઈ હિરજી રાબડીયા ધ.પ. વાલબાઈ નારાણ હ. ગોપાલ નારાણ રાઘવાણી - બળદિયા
- પ.ભ. ગં.સ્વ. સતીબાઈ હરજી મૂરજી શિયાણી - ભારાસર
- પ.ભ. પ્રેમીલાબેન પ્રેમજી તેજા વેકરીયા - બળદીયા
- પ.ભ. રિતાબેન વિકેશ ભુડીયા - માનકુવા
- પ.ભ. લાલજીભાઈ મેઘજી નાથા હિરાણી હ. પ્રેમબાઈ મેઘજી હિરાણી - ભુજ
- પ.ભ. લક્ષ્મણભાઈ કરસન હિરાણી - બળદીયા
- પ.ભ. પ્રીતિબેન રતિલાલ સોલંકી - સુખપર
- પ.ભ. નર્મદાબેન દીલીપભાઈ ઠક્કર - ભુજ

- પ.ભ. દિનેશભાઈ લક્ષ્મણ પિંડોરીયા ધ.પ. કાંતાબેન - મીરજાપર
- પ.ભ. રતનબાઈ ખીમજી કરસન કેરાઈ હ. વાલજી રામજી - નારણપર
- પ.ભ. રાજેશભાઈ વાલજી હાલાઈ - સુખપર
- પ.ભ. જયાબેન મનસુખ હાલાઈ માંડવીના હ. કલ્યાણભાઈ જાગીર - માનકુવા
- પ.ભ. રાજેશભાઈ મનજી વેકરીયા - રામપર વેકરા
- પ.ભ. મનજીભાઈ ખીમજી હાલાઈ - નાઈરોબી
- પ.ભ. રોબીનગિરિ શંકરગિરિ ગોસ્વામી - ભુજ
- પ.ભ. સામબાઈ રવજી વેકરીયા
- પ.ભ. જેરામભાઈ રામજી હિરાણી - માધાપર
- પ.ભ. ભરતભાઈ મેઘજી જગજોરી - રાપર
- પ.ભ. હસમુખભાઈ રવજી વરસાણી - મીરજાપર
- પ.ભ. રતનબાઈ વિશ્રામ રાબડીયા - સુખપર
- પ.ભ. ભાણબાઈ વિશ્રામ ભુવા હ. વિશ્રામ પરબત ભુવા - સુખપર
- પ.ભ. ભારતીબેન ધર્મેન્દ્ર પિંડોરીયા હ. ધર્મેન્દ્ર - સરલી
- પ.ભ. રતનબેન લાલજી પિંડોરીયા હ. ગોવિંદભાઈ - સામત્રા
- સાં.યો. નીતાબેન લાલજી વરસાણી - મદનપુર
- પ.ભ. વનિતાબેન રમેશચંદ્ર રાજાણી
- પ.ભ. દિવ્યતાબેન રાજેશ વોરા હ. મૂળજીભાઈ કરસનભાઈ પોરિયા - બળદીયા
- પ.ભ. ઉર્વશીબેન ભીમજી આશાણી માંડવી હ. રામપરના શાંતિલાલ વેલજી ભંડેરી
- પ.ભ. કેશરબાઈ નાનજી ભુડીયા હ. અરજણભાઈ લખમણ ભુડીયા
- પ.ભ. પુરબાઈ વાલજી સેંઘાણી - નારણપર
- પ.ભ. પુરબાઈ ભીમજી હિરાણી - સુખપર.
- પ.ભ. અ.નિ. નારણભાઈ હિરજી રાબડીયા ધ.પ. વાલબાઈ નારાણ હ. ગોપાલ નારણ રાઘવાણી - બળદીયા
- પ.ભ. રતનબાઈ વિશ્રામ રાબડીયા - સુખપર
- પ.ભ. ધીરજભાઈ ગોવિંદ રાબડીયા - સુખપર
- પ.ભ. રામાબેન મેહુલ ગામી હ. કરસન લાલજી - માધાપર
- પ.ભ. અ.નિ. નારણભાઈ હિરજી રાબડીયા ધ.પ. વાલબાઈ નારાણ હ. ગોપાલ નારાણ રાઘવાણી - બળદીયા
- સા.યો. નીતાબેન લાલજી વરસાણી - મદનપુર

## પ્રાથમિક શિક્ષણ - ધો.૬ નો પ્રારંભ

પ્રાતઃસ્મરણીય મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આશીર્વાદ અને અનુમતિથી શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ, ભુજ દ્વારા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સંકુલમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

જૂન, ૨૦૧૪થી પ્રાથમિક શિક્ષણ અંતર્ગત ધો.૬(ધોરણ-છ)નો વર્ગ શરૂ કરવામાં આવશે. નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે. નિયમિત અભ્યાસ ક્રમની સાથોસાથ વર્તમાન સમયની માંગ અને ભવિષ્યની આવશ્યકતાને ધ્યાનમાં લઈને અંગ્રેજી વિષયના વિશેષ વર્ગો ચલાવવામાં આવશે. જેમાં અંગ્રેજી ગ્રામરની દૃઢતા ઉપરાંત અંગ્રેજીમાં મુક્ત રીતે વાતચીત કરી શકે તે માટે 'સ્પોકન ઈંગ્લીશ'ના વર્ગો શરૂ થશે. ઉપરાંત અતિ આધુનિક અદ્યતન સાધનો અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો (પ્રોજેક્ટર વગેરે) દ્વારા ગણિત, વિજ્ઞાન અને કોમ્પ્યુટર વિષયો પર વિશેષ શિક્ષણ આપવામાં આવશે.

આપના સંતાનોમાં ઉજ્જવળ અને પ્રગતિશીલ ભવિષ્ય માટે આ શાળા ઉત્તમ સાબિત થશે. ધો.૬ના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

આચાર્યશ્રી, શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ-કચ્છ.

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ પ્રજાસત્તાક દિન ઉજવણી

તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ના પ્રજાસત્તાક દિનની ઉજવણી વિદ્યાલયમાં કરવામાં આવેલ હતી. પ.પૂ. જાદવજી ભગતે ત્રિરંગો ધ્વજ લહેરાવ્યો હતો. પ્રાસંગિક પ્રવચન આપતા તેમણે દેશ કાજે જેલ વ્હોરી, દેશની આઝાદીમાં આપેલ સ્વાતંત્ર સેનાનીઓના પ્રદાનની નોંધ લઈ આ પ્રસંગે તેમની શહિદીને બિરદાવી હતી. સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી જીવનમાં દેશ પ્રેમ સર્વોપરી છે તેવું જણાવીને મહાપુરુષોના જીવનના પ્રસંગો વિદ્યાર્થી સમક્ષ વર્ણવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ મહેતાએ રાષ્ટ્રીય પર્વો સ્વાતંત્ર્યદિન તથા ગણતંત્રદિન વચ્ચેનો તફાવત સમજાવીને રાષ્ટ્રના હિત માટે શક્ય હોય તેટલો પ્રયત્ન કરી રાષ્ટ્રના ઘડતર માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં વિદ્યાલયના આચાર્ય શ્રી મગનભાઈ સુથારે અતિથિઓને આવકાર્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ ગીતો, નૃત્ય તથા એકપાત્રીય અભિનય વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયા હતા.

કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટ, મંત્રી શ્રી વિનોદભાઈ શિયાણી, વિદ્યાર્થી ભવનના મંત્રી શ્રી કરસનભાઈ હાલાઈ, સંતોમાં સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન શાળા પરિવારે કર્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

# શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર(વાગડ) ખાતે યોજયેલ નૂતન શિખરબધ્ધ મંદિરનો શિલાન્યાલ પૂજન વિધિ તેમજ શિક્ષાપત્રી પૂજન

શ્રી સ્વામિનારાયણ મંદિર - રાપર(વાગડ) ખાતે મહા સુદ પાંચમ (વસંત પંચમી)ના શુભ દિને નૂતન શિખરબધ્ધ મંદિરનો શિલાન્યાસ પૂજન વિધિ કરવામાં આવેલ. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી તથા પુરાણી સ્વામી હરિબળદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદિ સંતો તેમજ યજમાનો અને તમામ હરિભક્તો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ નૂતન શિખરબધ્ધ મંદિરનો શિલાન્યાસ પૂજન વિધિ પૂર્ણ કરેલ. ભુજ મંદિરના ગોર ગુલાબ મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મંત્રગાન અને પૂજનની વિધિ પૂર્ણ કરાવડાવી તમામ યથાયોગ્ય જગ્યાઓ પર શિલાઓની સ્થાપના કરવામાં આવી. તમામ હરિભક્તો બાઈઓ તથા ભાઈઓએ આ પૂજન વિધિમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી. શિલાન્યાસ પૂજન વિધિના અંતે મહંત સ્વામી આદિ સંતોના આશીર્વચન મેળવી હરિભક્તો પાવન થયા હતા.

આ પૂજન વિધિ પૂર્ણ થયા બાદશ્રી સ્વામિનારાયણ ભગવાને લખેલી શિક્ષાપત્રી સાથેની શોભાયાત્રા ઘરે ઘરે પાવન કરવા તૈયાર કરવામાં આવી. જેની આરતી ઉતારી મહંત સ્વામીશ્રીએ શોભાયાત્રાની શુભ શરૂઆત કરી. તમામ હરિભક્તો કીર્તન ગાન તેમજ શિક્ષાપત્રીના મંત્રોચ્ચાર સાથે દરેક હરિભક્તોના ઘરે ઠાકોરજીની શોભાયાત્રાની પધરામણી કરાવી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યાં. યુવાનો તેમજ વડીલોએ રાસ-કીર્તન અને ધૂન કરીને શહેરના વાતાવરણને પાવન કર્યું હતું.

વધુમાં આજ દિવસે રાત્રીના સમયે સંતો દ્વારા શિક્ષાપત્રીનું સમૂહ પૂજન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈઓ તથા ભાઈઓ તમામ હરિભક્તોએ સમૂહ શિક્ષાપત્રીનું પૂજન કર્યું હતું.

અહેવાલ :- ઘનશ્યામ હરિભાઈ આરેઠીયા-રાપર

**સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પૂણ્ય સ્મૃતિમાં પારાયણ યોજાશે. તા.૨૮/૫/૨૦૧૪ થી ૧/૬/૨૦૧૪, વૈશાખ વદ-અમાસ થી જેઠ સુદ-૪ રાખેલ છે. જે હરિભક્તોને સેવાનો લાભ લેવો હોય તે તા. ૩૦/૪/૨૦૧૪ સુધી ભુજ મંદિરના કોઠારમાં નોંધ કરાવશો. જેથી પત્રીકામાં એનો ઉલ્લેખ થઈ શકે. રૂા.૧૫૦૦૦ થી ઉપરની જેની સેવા હશે તેવા ભક્તોના નામ પત્રીકામાં આવશે.**


### શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫ "શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ" માસિક અંગેની માહિતી

ફોર્મ નં.૪(જુઓ રૂલ નં.૮)

પ્રકાશનું સ્થળ : શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,ભુજ

પ્રકાશનની સામયિકતા : માસિક

મુદ્રકનું નામ : મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

રાષ્ટ્રિયતા : ભારતીય

સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન ૩૭૦૦૦૧.

તંત્રીનું નામ : શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

જે વ્યક્તિઓ અખબારના માલિક હોય : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજની માલિકી.

જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્શ હોય, તેમના નામ સરનામા.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો એમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૧૪

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાદસજી (તંત્રી)


### શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

## સુવર્ણજયંતી - ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાત:સ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલ, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામ વિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

**માહિતીની વિગત :** નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામ વગેરે માહિતી આપવી.

માહિતી મોકલવાનું સરનામું :-

1) E-mail ID: ssvscience2008@gmail.com
2) E-mail : ssvbhuj@yahoo.com

# વિદેશ સમાચાર



## ઓસ્ટ્રેલિયા એડેલેઇડ નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ હેઠળનું શ્રી સ્વામિનારાયણ મંદિર એડેલેઈડ ઓસ્ટ્રેલિયામાં નૂતન મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી તા.૧૨-૨-૧૪ થી ૧૬-૨-૧૪ સુધીમાં ઉજવાઈ ગયો.

એડેલાઈડ શહેરમાં મોટે ભાગે યુવાન વર્ગ છે તે છેલા ૧૦ મહિનાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સ્વામીની આજ્ઞાથી પોતાનું તન,મન અને ધનથી સેવા કરીને આ મંદિરની તૈયારી કરી છે.

આ ઉત્સવમાં પૂજ્યપાદ ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સંતો પુરાણી સ્વામી ધર્મચરણદાસજી આદિ ભુજ મંદિર તથા અમદાવાદ મંદિરથી પધારી આ ઉત્સવને શોભાવ્યો હતો. આ મહોત્સવમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણનું આયોજન રાખેલ હતું. પારાયણના વક્તા ભુજ મંદિરના પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજીના સથવારે સંભળાવી હતી.

આ ઉત્સવમાં દેશ-વિદેશના હરિભક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા. ગુરુવાર તા. ૧૩-૨-૧૪ના રોજ એડીલેઈડ, પર્થ, મેલ્બોર્ન તથા સીડનીની યુવતી બહેનોનો સાંસ્કૃતિ કાર્યક્રમ રાખેલ હતો. શુક્રવાર તા. ૧૪ ના રોજ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના હસ્તે ભુજ મંદિરના મહંત સ્વામીની ઉપસ્થિતિમા શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રામ પરિવાર, શ્રી શિવ પરિવાર, શ્રી ગણપતિ તથા શ્રી હનુમાનજી આદિ દેવોની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. શનિવાર તા. ૧૫ના રોજ ઠાકોરજીની તથા આચાર્ય મહારાજશ્રીની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. આ નગરયાત્રામાં ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, બ્રિઝબેન્ડ, આફ્રિકા, યુ.કે. તથા ભારતદેશના હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રા બાદ પૂજ્ય મહારાજશ્રી દ્વારા મંદિરના આંગણામાં રંગઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. એડેલેઈડના યુવાનો પણ રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભવ્યરાસોત્સવ જેવા દિવ્ય આયોજનો ધામ ધુમથી સંપન્ન થયા હતા.

આ મંદિરમાં એડેલેઈડના યુવાન હરિભક્તોની સાથોસાથ સ્વામિનારાયણ મંદિર સીડની, મેલ્બોર્ન તથા પર્થના હરિભક્તો તન, મન અને ધનથી ખૂબ સેવા કરી હતી. આ પ્રસંગે મંદિર નિર્માણમાં તથા ઉત્સવમાં સેવા કરનાર દાતાઓને પ્રેરણામણી કરવામાં આવી હતી. પૂજ્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી એડેલેઈડ મંદિરના સર્વે હરિભક્તો તથા ઉત્સવમાં પધારેલા દરેક હરિભક્તોને ખૂબ જ અંતઃકરણ પૂર્વક રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઉત્સવમાં ભુજ મંદિરથી મહંત સ્વામી સાથે ૧૪ જેટલા સંતો ઉપસ્થિત રહી ઉત્સવ શોભાવ્યો હતો. એડેલેઈડ મંદિર તરફથી ઉત્સવમાં પધારેલા દેશ-વિદેશના હરિભક્તોનો ખૂબ આભાર માન્યો હતો.

અહેવાલ :- રમેશભાઈ વરસાણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર મેલ્બોર્ન(ઓસ્ટ્રેલિયા) - દ્વિતીય પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર - મેલ્બોર્ન (ઓસ્ટ્રેલિયા) મધ્યે ભુજ મંદિરના બ્રહ્મનિષ્ઠ પવિત્ર ૮ સંતોના દિવ્ય સાંનિધ્યમાં અતિ ભક્તિભાવ પૂર્વક ઠાકોરજીનો દ્વિતીય પાટોત્સવ બુધવાર તા.૨૨-૧-૨૦૧૪ થી રવિવાર તા. ૨૬-૧-૨૦૧૪ સુધી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પંચદિનાત્મક શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી પુરુષોત્તમપ્રકાશની પારાયણ રાખવામાં આવી હતી.

મંગળવાર તા. ૨૧-૧-૨૦૧૪ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે પોથીયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં કથા પારાયણનાં યજમાન સુહાગિયા પરિવારે સરસ સેવાનો લાભ લીધો હતો. નાના મોટા સર્વે હરિભક્તો શ્રવણ ભક્તિનો લાભ લીધો હતો.

શુક્રવાર તા. ૨૪-૧-૨૦૧૪ના રોજ સાંજે કથા પ્રસંગબાદ ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

શનિવાર તા. ૨૫-૧-૨૦૧૪ના રોજ ઠાકરથાળી-રાસોત્સવ ધામધૂમથી ઉજવવમાં આવ્યો હતો.

રવિવાર તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ સવારે ૮:૩૦ કલાકે બ્રહ્મનિષ્ઠ સંતોની હાજરીમાં શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરી, આરતી ઉતારવામાં આવી હતી. ઠાકોરજીનાં બીજા પાટોત્સવનાં ઉપલક્ષમાં મંદિર દ્વારા પાટોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લેઝીમ-બેન્ડમાં ભાગ લીધેલ બાઈઓ અને ભાઈઓ હરિભક્તોને તથા મંદિર દ્વારા ચાલતાં ગુજરાતી ક્લાસીસનાં તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવમાં આપેલ નાની મોટી સેવાના દરેક યજમાનને તથા સંતોને પહેરામણીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ વાગ્યે વિવિધ થાળ-વાનગીઓથી સુશોભિત અન્નકૂટની તથા પાટોત્સવની આરતી કરી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સોમવાર તા. ૨૭-૧-૨૦૧૪નાં રોજ વહેલી સવારે ૬:૩૦ વાગ્યે હરિભક્તો ઉત્સાહ અને ઉમંગથી ઠાકોરજી તથા સંતો સાથે માઘસ્નાનમાં જોડાયા હતા. વયોવૃધ્ધ પૂજ્ય સ.ગુ. સ્વામી સનાતનદાસજી તેમની ૯૨ વર્ષની ઉંમરે પણ કડકડતા ઠંડા પાણીમાં ઉત્સાહભેર માઘસ્નાન કરવાથી સર્વે હરિભક્તોનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો.

અહેવાલ :- દિપકભાઈ રાઘવાણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર મધ્યે શિક્ષાપત્રી જયંતી

મંગળવાર તા. ૪-૨-૧૪ના ૧૮૮ મી શિક્ષાપત્રી જયંતી શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર મધ્યે ધામધૂમથી ઉજવવામાં આવી હતી. તે દિવસે સાંજના આપણા ભુજ મંદિરના પવિત્ર વિદ્વાન સંતો દ્વારા એક એક શ્લોકનું ઉચ્ચારણ કરી પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા બધા સત્સંગી ભાઈઓ તથા બહેનોએ ખૂબ જ ઉત્સાહથી જોડાયા હતા. આની શુભ શરૂઆત આંબા રોપણથી કરવામાં આવી હતી. છેલ્લે જનમંગલના પાઠ કરી આરતી ઉતારી અને સમાપ્તિ કરવામાં આવી હતી.

શાકોત્સવ :-

શનિવાર તા. ૧૫-૨-૨૦૧૪ના રોજ શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બન્ને મંદિરમાં સંતોના માર્ગ દર્શન હેઠળ ગુજરાતી શાળામાં ભણતા બાળકો દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજ સામે જ શાકનો વઘાર દેવામાં આવ્યો હતો જ્યાં સુધી શાક ચડતું હતું ત્યાં સુધી ભુજ મંદિરના સંતો દ્વારા સર્વે નાના નાના બાળકો રોટલા બનાવ્યા હતા. આ પ્રસાદ તૈયાર થતાં સભાની સમાપ્તિ કરી અને હરિકૃષ્ણ હોલમાં સર્વે ભક્તે પ્રસાદ લેવા પધાર્યા હતા. આ ઉત્સવનો લાભ મુખ્ય યજમાન તરીકે ગામ રા.વેકરાના ભરતભાઈ શીવજીભાઈ કેરાઈ, હરીશભાઈ શીવજી કેરાઈ તથા સરીલાબેન શીવજી કેરાઈ રહ્યા હતા. અને બધા જ પ્રસાદ લઈ આનંદ માણ્યો હતો.

અહેવાલ :- જાદવજીભાઈ હિરાણી

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન વિલે પાર્લાનો ૧૫મો પાટોત્સવ પંચદશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો


















RNI NO. GUJGUJ/2001/5643 | Shree Swaminarayan Dharmasandesh | Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE | WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
## શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટયુટ (કોલેજ) સંકુલનો

# શિલાન્યાસ

## સંપન્ન થયો



